Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૧૪
તા.૧૦-૦૯-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૬ સૂર્યાસ્ત : ૦૬:૪૯
તાપમાન
ડીસા ૩૩.૨
અમદાવાદ ૩૪.૨
ગાંધીનગર ૩૪.૨
વડોદરા ૩૨.૮
સુરત ૩૩.૦
નલિયા ૩૧.૬
ચાંદી : ૪૧૨૦૦ સોનું : ૩૦૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# કેન્દ્ર ગુજરાતને ૪ લાખ કરોડના પ્રોજેક્ટોની ભેંટ ધરશે

## વિચાર વૈભવ...

આજકાલ ગમે તેવો મોટો અધિકારી હોય, પ્રધાન હોય, સ્વતંત્ર નિર્ણય લઈ સહી કરવા સક્ષમ હોય છતાં જવાબદારી સ્વીકારવા તૈયાર હોતા નથી. એમનામાં હિંમત- સાહસ અને અધિકાર ભોગવવાની પણ ત્રેવડ નથી. બોજ બીજાને માથે નાખી યશ જાતે લેવો છે. આપણા સેનાપતિ અને એન્ટની પ્રધાન વચ્ચે પણ આવ જ ખો-ખો ખેલાય છે.

અમેરિકામાં એક ગૃહયુદ્ધ ચાલતું હતું. દક્ષિણ વિસ્તારની સેનાએ ઉત્તર તરફ કૂચ કરી હતી. જો કે, લિંકનના સેનાપતિએ બળવાખોર સૈનિકો પર જોરદાર હુમલો કરી તેમને પીછેહઠ કરવાની ફરજ પાડી.

લિંકને સેનાપતિને બોલાવી સૂચના આપી કે, એ નાસતા અને પીછેહઠ કરતા સૈન્ય પર જોરદાર આક્રમણ કરી દુશ્મનોની જેમ નાશ કરો અને પકડી પકડી જેલમાં પૂરો!

સેનાપતિએ અનુભવથી કહ્યું, સાહેબ, જ્યારે દુશ્મનો પોતાની રીતે જ પીછેહઠ કરે છે ત્યારે જો હુમલો કરીશું તો દુશ્મન મરણિયો થઈ લડશે અને કદાચ બાજી પલટાઈ પણ જાય!

લિંકને કહ્યું, મિત્ર તમને આ આદેશ હું 'લેખિત' માં આપું છું, જો જીતી જાવ તો તમને 'યશ' મળવાનો જ છે અને હારી જાવ તો આ પત્ર જાહેર કરી દેજો અને કહેજો, મેં તો હુમલો કરવાની 'ના' પાડી જ હતી, એટલે જો અપયશ મળે તો મારા માથે જ જવાબદારી આવે...

સેનાપતિ લિંકનના ઔદાર્યથી ખુશ થયા. લડ્યા અને જીત્યા પણ ખરા...

- સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### ફ્લોરિડામાં ઈરમા વાવાઝોડાનો ખતરો : ઈમરજન્સી જાહેર થઈ

ફ્લોરિડા

વિનાશકારી ઈરમા વાવાઝોડાએ ઉત્તરીય ક્યુબામાં ભારે નુકસાન કર્યા બાદ હવે અમેરિકામાં તેનો ખતરો તોળાઈ રહ્યો છે. અમેરિકામાં સાવચેતીના તમામ પગલા લેવામા આવી રહ્યા છે. ઈરમા વાવાઝોડાના કારણે ક્યુબામાં ભારે વરસાદ થયો છે. અહીં તોફાની પવન સાથે વાવાઝોડુ ફુંકાયુ છે. હવે ફ્લોરિડા અને અમેરિકાના અન્ય શહેરો તરફ વાવાઝોડુ વધી રહ્યુ હોવાના હેવાલ મળ્યા છે. ફ્લોરિડામાં ભારે વરસાદ, તોફાની પવનના કારણે ફ્લોરિડામાં ભારે નુકસાન ઈરમાના કારણે થઈ શકે છે. વિનાશકારી વાવાઝોડાના સંબંધમાં ફ્લોરિડાના સત્તાવાળાઓ ઘેર ઘેર જઈને માહિતી આપી રહ્યા છે. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. શક્તિશાળી કેટેગરીના વાવાઝોડાને કેટેગરી પાંચના સ્ટોર્મમાં મુકી દેવાતા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ઈરમાને કારણે અમેરિકાના પૂર્વ કાંઠે આવેલું ફ્લોરિડા રાજ્યમાં ઈમરજન્સી ઘોષિત કરવામાં આવી છે. અહીં અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું સ્થળાંતર ચાલી રહ્યું છે. અંદાજે ૫૦ થી ૬૦ લાખ લોકોને ફ્લોરિડા છોડવાનો આદેશ કરવામાં આવ્યો છે.

## નરેન્દ્ર મોદીનુ ચૂંટણી પહેલા વતન રાજ્ય ગુજરાત પર પૂર્ણ ધ્યાન :મોદી ગુજરાતને ભેંટ -સૌગાતોં આપવાની શરૂઆત આગામી સપ્તાહથી શરૂ કરી દેશે : ટુંકા ગાળામાં જ ગુજરાતની ત્રણ વખત મુલાકાત લેવા મોદી તૈયાર

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સંપૂર્ણ ધ્યાન હવે તેમના વતન રાજ્ય ગુજરાત પર કેન્દ્રિત થઇ ગયુ છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા હવે મોદી ભેંટનો વરસાદ કરવાની તૈયારીમાં છે. ગુજરાતન ભેંટ અનને સૌગાતો આપવાની શરૂઆત મોદી આગામી સપ્તાહથી કરનાર છે. વિધાનસભા ચૂંટણી માટે તારીખની જાહેરાત થતા પહેલા તેઓ ગુજરાતને વડાપ્રધાન તરીકે કેટલીક મોટી ભેંટ આપનાર છે. નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ મોદી આગામી ૩૦ દિવસના ગાળામાં જ ગુજરાતમા ત્રણ વખત પહોંચનાર છે. આ ગાળા દરમિયાન મોદી ગુજરાતને ચાર લાખ કરોડથી વધુના પ્રોજેક્ટની ભેંટ આપનાર છે. ગુજરાતમાં નવેમ્બર-ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણી યોજાનાર છે. તારીખની જાહેરાત થયા બાદ કોઇ પણ નિતી વિષયક નિર્ણય લઇ શકાશે નહીં. આવી સ્થિતીમા વહેલીતકે એક પછી એક નિર્ણયની જાહેરાત લોકો માટે કરવામાં આવનાર છે. તારીખની જાહેરાત કરવામાં આવ્યાબાદ ગુજરાતમાં આંચારસંહિતા લાગુ થઇ જશે. ત્યારબાદ કોઇ જાહેરાત કરી શકાશે નહી. ગુજરાતન સૌગાતો આપવાની શરૂઆત મોદી આગામી સપ્તાહથી કરશે. તેઓ જાપાનના વડાપ્રધાન શિન્જો આબેની સાથે ૧૨મી સપ્ટેમ્બરના દિવસે બે દિવસના પ્રવાસે ગુજરાત પહોંચનાર છે. તેમાં તેઓ પોતાના ડ્રિમ પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઇ માટે આધારશીલા મુકશે. ભૂમિ પુજન વિધી થશે. આ હાલમાં એક લાખ કરોડનો પ્રોજેક્ટ છે. આમાં જાપાન પણ રોકાણ કરનાર છે. આ પ્રવાસ બાદ મોદી ચાર દિવસ બાદ ફરી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે ગુજરાતની યાત્રા કરશે. એ જ દિવસે તેમના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં આવનાર છે. આ ખાસ પ્રંસગે તેઓ સરદાર સરોવર બંધ પ્રોજેક્ટની આધારશીલા મુકનાર છે. આ આશરે ૫૦ હજાર કરોડનો પ્રોજેક્ટ છે. આ ઉપરાંત એ જ દિવસે તેઓ ૫૦ હજાર કરોડની બીજી વિકાસ યોજનાઓ માટેની શરૂઆત કરાવાશે. તેમના જન્મદિવસના પ્રસંગે ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

### ગુજરાતને કઈ કઈ ભેંટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સંપૂર્ણ ધ્યાન હવે તેમના વતન રાજ્ય ગુજરાત પર કેન્દ્રિત થઈ ગયુ છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા હવે મોદી ભેંટનો વરસાદ કરવાની તૈયારીમાં છે. ગુજરાતન ભેંટ અનને સૌગાતો આપવાની શરૂઆત મોદી આગામી સપ્તાહથી કરનાર છે. વિધાનસભા ચૂંટણી માટે તારીખની જાહેરાત થતા પહેલા તેઓ ગુજરાતને વડાપ્રધાન તરીકે કેટલીક મોટી ભેંટ આપનાર છે. નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ મોદી આગામી ૩૦ દિવસના ગાળામાં જ ગુજરાતમા ત્રણ વખત પહોંચનાર છે

* વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતને ચાર લાખ કરોડથી વધુના પ્રોજેક્ટની ભેંટ આપનાર છે.
* ડ્રિમ પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઈ માટે આધારશીલા મુકાશે. ભૂમિ પુજન વિધી થશે. આ પ્રોજેક્ટ હાલમાં એક લાખ કરોડનો પ્રોજેક્ટ છે. જેમાં જાપાન પણ રોકાણ કરનાર છે
* સરદાર સરોવર બંધ પ્રોજેક્ટની આધારશીલા મુકાશે. આ આશરે ૫૦ હજાર કરોડનો પ્રોજેક્ટ છે.
* ૫૦ હજાર કરોડની બીજી વિકાસ યોજનાઓ માટેની શરૂઆત
* મોદી ગુજરાતની યાત્રા દરમિયાન જુદા જુદા પ્રોજેક્ટોની જાહેરાત કરનાર છે
* ગુજરાતમાં વિકાસની ગતિને વધુ ઝડપી કરાશે

### યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરાયો

## અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા ફરી વખત ગોળીબાર

### સોપોરે ખાતે સુરક્ષા દળ સાથેની અથડામણમાં ખતરનાક ત્રાસવાદી ઠાર : વિસ્ફોટકો-હથિયારોનો જંગી જથ્થો જપ્ત

શ્રીનગર

જમ્મુકાશ્મીરના બારામુલ્લા જિલ્લાના સોપોરે ખાતે સુરક્ષા દળો સાથેની ભીષણ અથડામણમાં આજે એક ખતરનાક ત્રાસવાદી ઠાર થયો હતો. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. બીજી બાજુ કેન્દ્રિય ગૃહ પ્રધાન જમ્મુ કાશ્મીરની ચાર દિવસની યાત્રાએ પહોંચ્યા છે ત્યારે પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરીને અંકુશ રેખા પર ફરી ગોળીબાર કર્યો છે. બારામુલ્લા અને પુછમાં પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. જો કે ભારતીય જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી છે. સામે સામે ગોળીબારની રમઝટ વચ્ચે કોઇને કોઇ નુકસાન થયુ નથી. પાકિસ્તાની સેનાએ અંકુશ રેખા નજીક નાના હથિયારો, ઓટોમેટિક્સ હથિયારો અને મોર્ટારનો મારો ચલાવ્યો હતો. એક ત્રાસવાદી છુપાયો છે તેવી પાકી બાતમી મળ્યા બાદ રાષ્ટ્રીય રાઈફલ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિત સુરક્ષા દળોએ મોટુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સોપોરે શહેરના પરાવિસ્તારમાં રેબાન ગામમાં ઓ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. અહેવાલ નમુજબ માર્યા ગયેલા ત્રાસવાદીની ઓળખ હજુ સુધી થઇ શકી નથી. ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. કલાકો સુધી અથડામણ થયા બાદ એક ત્રાસવાદી ઠાર થયો હતો. તેની પાસેથી મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો.

### આજે સર્વગ્રાહી સુરક્ષા સમીક્ષા બેઠક યોજાશે

## રાજનાથની કાશ્મીરની ચાર દિનની મહત્વની યાત્રા શરૂ

શ્રીનગર

કેન્દ્રિય ગૃહપ્રધાન રાજનાથસિંહ આજે ચાર દિવસની હાઇ પ્રોફાઇલ યાત્રા પર જમ્મુ કાશ્મીર પહોંચ્યા હતા. આની સાથે જ તેમની જુદા જુદા પાસા પર અને હાથ ધરવામાં આવેલા વિકાસ કામો પર ટોપ લીડરો અને અધિકારીઓ સાથે વાતચીત શરૂ થઇ ગઇ હતી. રાજનાથસિંહ ચાર દિવસની યાત્રાએ પહોંચ્યા બાદ તરત જ સિવિલ સોસાયટીના સભ્યો, રાજકીય પક્ષોના નેતાઓ, સામાજિક સંસ્થાઓ અને બિઝનેસ નેતાઓ સાથે વાતચીતમાં વ્યસ્ત થઇ ગયા હતા. સિંહની યાત્રાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે રાષ્ટ્રને નામ સંબોધનમાં કહ્યુ હતુ કે ના ગાળી સે, ના ગોલી સે , સમસ્યા સુલઝેગી ગલે લગાને સે.. તેમની સાથે નવા નિમાયેલા કેન્દ્રિય ગૃહ સચિવ રાજીવ ગૌબા અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ પહોંચ્યાછે. સુરક્ષા પાસાની સાથે સાથે તમામ મુદ્દા પર વાતચીતનો દોર શરૂ થયો છે. રાજનાથ મુખ્યપ્રધાન મહેબુબા મુફ્તિ અને રાજયપાલ એનએન વોરા સાથે પણ વાતચીત કરી રહ્યા છે.

### ફટાકડા ફેક્ટરીમાં ફટાકડા ઉપરાંત વિસ્ફોટકો પણ મળી આવ્યા

## ડેરામાં બીજા દિવસેય વ્યાપક સર્ચ ઓપરેશન : ફટાકડા ફેક્ટરી મળી

સિરસા

રેપના મામલામાં જેલની હવા ખાઇ રહેલા વિવાદાસ્પદ ગુરમીત રામ રહીમના સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના હેડક્વાર્ટર્સમાં વ્યાપક સર્ચ ઓપરેશન આજે બીજા દિવસે પણ યથાવતરીતે જારી રહ્યુ હતુ. જેના કારણે બાબાના સમર્થકોમાં ઉત્તેજના જોવા મળી હતી. પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના આદેશ બાદ શુક્રવારના દિવસે શરૂ થયેલા વ્યાપક ઓપરેશન આજે બીજા દિવસે જારી રહેતા તપાસનો દોર રહ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ જવાનો, અર્ધલશ્કરી દળના જવાનો અને નાગરિક વહીવટીતંત્રના અધિકારીઓ આ ઓપરેશનમાં જોડાયા હતા. ડેરામાં એક ગેરકાયદે ફટાકડા ફેક્ટરી મળી આવ્યા બાદ તેને સીલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં ફટાકડા ઉપરાંત વિસ્ફોટક સામગ્રી કબજે કરવામાં આવી છે. જે વિસ્તારમાં ગુરમીત રામ રહીમ ધ્યાનમાં રહેતો હતો તે વિસ્તારમાં ખોદકામ શરૂ કરવામાં આવ્યુ છે. સવારમાં સિરસાના સુચના વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર સતીશ મહેરાએ કહ્યુ છે કે ડેરામાં રહેલી ફેક્ટરીને સીલ કરી દેવામાં આવી છે. કેટલાક હથિયારો માટ ડિઝાઈન પણ તૈયાર કરાતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સતત બીજા દિવસે મોટા પાયે ઓપરેશન હાથ ધરતા પહેલા સવારે સિરસામાં ટોપ અદિકારીઓની બેઠક થઇ હતી. જેમાં રણનિતી પર વિચારણા કરવામાં આવી હતી. આજે સવારે સવારે સવા નવ વાગે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. બેઠકમાં કેટલાક નવા અધિકારીઓને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી હતી.

## અમદાવાદ : ૨૦૦૦ની નકલી નોટો સાથે આવેલા ૪ ઝડપાયા

અમદાવાદ

રૂ.૨૦૦૦ના દરની બનાવટી ચલણી નોટો અમદાવાદમાં લાવી ખુલ્લા બજારમાં ફરતી કરવાનું ષડયંત્ર પાર પાડવા જતાં પહેલાં જ શહેર ક્રાઇમબ્રાંચે એસપી રીંગ રોડ નાના ચિલોડા ખાતેથી ચાર શખ્સોને રૂ.૧.૯૦ લાખની કિંમતની ૯૫ બનાવટી રૂ.૨૦૦૦ની નોટો સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. રૂ.૨૦૦૦ની નવી નોટોની આબેહૂબ નકલ કરી નકલી નોટો છાપી તેને ભારતીય બજારમાં ફરતી કરવાના અને દેશના અર્થતંત્રને તોડી પાડવાના ષડયંત્રમાં શહેર ક્રાઇમબ્રાંચને મોટી સફળતા મળી છે. હિંમતનગર પાસેના એક ફાર્મહાઉસમાં નકલી નોટો છપાતી હોવાની ચોંકાવનારી માહિતી પણ આરોપીઓની પૂછપરછમાં બહાર આવતાં પોલીસે તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. શહેર ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરેલા આરોપીઓમાં સંજય ગીરી ઉર્ફે ગીરી ઉર્ફે પીન્ટુ અમૃતગીરી ગોસ્વામી (ઉ.વ.૨૬) (રહે.ગામ તાજપુરી, શિવજી મંદિરની બાજુમાં, તા.હિમંતનગર, જિ. સાબરકાંઠા), પરેશ ઉર્ફે પટેલ ઈશ્વરભાઈ પરમાર (ઉ.વ. ૨૪) (રહે.ગામ ગલોડિયા, ભાંભી વાસ, તા.ખેડબ્રહ્મા, જિ.સાબર કાંઠા), નરેન્દ્રસિંહ ઉર્ફે અકબર હઠીસિંહ પરમાર(ઉ.વ.૨૪) (રહે.ગામ પોલાજપુર નાના વાસ, ગુજરાતી શાળાની બાજુમાં, તા.હિમંતનગર, જિ.સાબરકાંઠા) અને ધર્મેન્દ્ર ઉર્ફે પ્રેમો રૂપસિંહ રાઠોડ(ઉ.વ.૨૬) (રહે.ગામ મહુડી અતિથિ ભવનની બાજુમાં પેટાપરા, તા.માણસા, જિ.ગાંધીનગર)નો સમાવેશ થાય છે.

### ડીસા પોલીસે ફરિયાદ લેવાની ના પાડતા પોલીસ વડાને રજુઆત

## ડીસામાં જનસેવા કેન્દ્રના કર્મચારી પાસે પૈસા પડાવવા ધમકી

### બજાજ ફાયનાન્સમાંથી લૉન લીધી ન હોવા છતાં દિલ્હી હાઇકોર્ટના અધિકારીના નામે ધમકી

ડીસા

ડીસામાં મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રના કર્મચારીએ બજાજ ફાયનાન્સ માંથી લૉન લીધી ન હોવા છતાં દિલ્હી હાઇકોર્ટના અધિકારીના નામે પૈસા પડાવવા ખોટી રીતે ધમકી આપી જાતિ અપમાનિત શબ્દો બોલતા ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા જતા પોલીસે ફરિયાદ લેવાની ના પાડતા જિલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત કરી છે.

આ અંગેની વિગત એવી છે કે, ડીસા મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા દિલીપ રતિલાલ ધર્માણી ( રહે,સંતોષી માતાના મંદિર પાસે, ડીસા ) ના મોબાઈલ પર શુક્રવારે ફોન આવેલો અને સામેથી ' હું દિલ્હી હાઇકોર્ટ માંથી જબ્બરસીગ બોલું છું તને હાઇકોર્ટ કે થાણાં માંથી કોઈ નોટિસ મળી છે?' જેથી ના પાડતા તેણે કોઈ રાજેન્દ્રસિંગનો નંબર આપ્યો હતો.ત્યારબાદ તે નંબર પર વાત કરતા તેને જિગરભાઈ નામના શખ્સ ને મોકલ્યો હતો.

જેથી દિલીપે તેના મિત્ર ધર્મેન્દ્ર ફોફાણીને બોલાવતા અને આવેલા શખ્સને 'મેં લૉન લીધી ન હોવા છતાં દિલ્હી હાઇકોર્ટના નામે ફોન કોણે કરેલો' તે પૂછતાં તેને જણાવ્યું ન હતું અને બીજા દસેક માણસો ને બોલાવ્યા હતા.જેથી દિલીપે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ કરવા જતા પોલીસે ફરિયાદ લેવાની ના પાડી માત્ર અરજી સ્વીકારવાનું કહ્યું હતું.જોકે પોલીસે ફરિયાદ ન લેતા બહાર ઉભેલા શખ્સઓ એ તેને જાતિ અપમાનીત શબ્દો બોલી ધમકી આપી હતી.

જેથી આ મામલે દિલ્હી હાઇકોર્ટ માંથી રાજ્ય સેવકના નામે ખોટી રીતે ફોન કરી પૈસા પડાવવાનો કારસો રચાયો હોવા અંગે ફરિયાદ નોંધવા અને તપાસ કરી આરોપીઓની ધરપકડ કરવા દિલીપ ધર્માણીએ જિલ્લા પોલીસ વડા નીરજબડ ગુજર ને લેખિત અરજી આપી છે.

## ૪૦૦ કરોડ વિદેશમાં મોકલવા બદલ ૧૯ કંપનીઓ સામે કેસ

નવી દિલ્હી

સીબીઆઈએ આશરે ૭૦૦ લેવડદેવડ મારફતે વિદેશમાં ૪૦૦ કરોડ રૂપિયા મોકલવા બદલ ૧૯ કંપનીઓ સામે કેસ દાખલ કર્યો છે. એવી શંકા છે કે શેલ કંપનીઓ ઉભી કરીને મની લોન્ડરિંગ કેસમાં આ કંપનીઓ સીધી રીતે સંડોવાયેલી છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૫ દરમ્યાન પંજાબ નેશનલ બેંકના વણઓળ ખાયેલા અધિકારી ઓએ શાખામા ખાતા ધરાવનાર ૧૯ આરોપી કંપનીઓ સાથે ફોજદારી કાવરતા ઘડી કાઢયા હતા. કાવતરા ઘડવામાં આવ્યા બાદ આ કંપનીઓએ કોઈપણ પ્રમાણિક લેવડદેવડ વગર હોંગકોગમાં ફોરેન એક્સ ચેન્જમાં નાણા મોકલી દેવામાં આવ્યા હતા. એફઆઈ આરમાં સીધો આક્ષેપ કરાયો છે કે આ ખાતાઓ વિદેશમાં જંગી નાણા મોકલાના ઈરાદાથી ખોલવામાં આવ્યા હતા.

## ગંદકી ફેલાવતા બિલ્ડરો સામે પાલિકાની લાલ આંખ...

### આખરે પાલનપુર પાલીકાએ બિલ્ડર સામે ફરીયાદ નોંધાવી : પોલીસ કાર્યવાહી ઉપર પ્રજાની બાજ નજર

નગર સેવા સદન, પાલનપુર

સંજય જોશી

પાલનપુર

પાલનપુર શહેરમાં થઇ રહેલી ગંદકીના પગલે હવે નગરપાલિકા તંત્રએ બિલ્ડરો સામે લાલ આંખ કરી છે. પાલનપુરના હાઈવે વિસ્તારમાં આવેલી સ્કાય બ્લુ સોસાયટીના બિલ્ડર દ્વારા ગંદા પાણીના નિકાલ માટે ની કોઈ વ્યવસ્થા ન થતા આખરે નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા બિલ્ડર સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પાલનપુર શહેરમાં ગંદકીનું પ્રમાણ વધી રહ્યું છે. જેને લઈ સ્થાનિકો વાંરવાર સત્તાધીશોને રજૂઆત કરે છે. ખાસ કરીને જે નવા મકાનો અને રહેઠાણો બનતા હોય છે તેના બાંધકામ સમયે ગંદા પાણીના નિકાલ માટેની કોઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેનો ભોગ સ્થાનિકોને બનવું પડે છે. પાલનપુરના હાઈવે વિસ્તારમાં આવેલી સ્કાય બ્લુ નામની સોસાયટીની આડોડાઈ થી આસપાસ ની ૫ સોસાયટીના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે સ્થાનિકો દ્વારા વાંરવાર નગરપાલિકા ના સત્તાધીશોને રજૂઆત કરતા નગરપાલિકા તંત્ર દ્વારા તેની તપાસ કરાવવામાં આવી હતી. જે બાદ બિલ્ડરને સુચના આપવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતા બિલ્ડર સામે પાલનપુર પોલીસ મથકે પાલનપુર ચીફ ઓફિસર દ્વારા ફરિયાદ નોંધવામાં આવી છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૮,૨૬૯ અને ૨૯૧ મુજબ સ્કાય બ્લુના બિલ્ડર

અનુસંધાન પાના નં.૬

**સૂર્યોદય - ૬.૨૬ સૂર્યાસ્ત - ૬.૪૯**

## તિથિદર્શન

ભાદરવા વદ-૪ રવિવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : ચોથ રવિવાર પાંચમનો ક્ષય નક્ષત્ર : અશ્વિની સવારે ૧૦.૪૩ પછી ભરણી યોગ: ધ્રુવ કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

**વિદૈવજ્ઞં ગ્રામં વિબુધવિધુરાં ભૂપતિ સભાં**
**મુખંશ્રુત્વા હીનં મનુજપતિશૂન્યં ચ વિષયમ્**
**અનાચરાન્દારાનપહરિ કથં કાવ્યમપિચ**
**પ્રકૃત્ત્વાપેતં ગુરુમપિ સુબુદ્ધિં પરિહરેત**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક, બુદ્ધિમાન વ્યક્તિએ કોનો ત્યાગ કરવો એ સમજાવે છેઃ ‘વિધિ, દૈવ અથવા કુદરતના નિયમોના જ્ઞાન- વિજ્ઞાન વિનાનું, અથવા દેવજ્ઞ- જ્યોતિષી વિનાનું, ગ્રામ બુદ્ધિમાનજનો વિનાની રાજસભા, વેદ વચનો વિનાનું મુખ, રાજા વિનાનો દેશ, અનાચારવાળી સ્ત્રીઓ, ભગવાનની કથા વિનાનું કાવ્ય અને સારા વકતૃત્વ વિનાના એટલે કે કોઈ પણ શાસ્ત્રનો મર્મ સરળ રીતે ન સમજાવી શકે એવા ગુરુ- વિદ્વાનનો બુદ્ધિમાનોએ ત્યાગ કરવો.’

કોઈ પણ પ્રકારનાં વિધિવિધાન- ક્રિયાકાંડ જાણનારો જે ગામમાં ન હોય, કુદરત- હવામાનની બાબતો જે ગામમાં જાણનાર ન હોય અને જ્યોતિષ વિદ્યા- અવકાશી જ્ઞાન- ગ્રહ દશાઓ બાબત જાણનાર જે ગામમાં ન હોય, રાજ્યસભા (લોકસભા) માં બુદ્ધિ અને વિકાસને બદલે એકમેકના ટાંટિયાખેંચ કરનારા હોય, જ્યાં દુરાચારી સ્ત્રીઓ હોય અને સાત્વિક કાવ્યો રચનારા સાહિત્યકારો ન રહેતા હોય અને એવા શિક્ષક- ગુરુ- વિદ્વાન હોય તે શાસ્ત્રોનું જ્ઞાન પોતે તો ન સમજે અને સમજાવી શકે તેવા ન હોય એ ગામ- શહેર- દેશનો ત્યાગ કરવો.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)કાર્યબોજમાં વધારો થાય. માનની મુરાદ બર ન આવે.**
**વૃષભ : (બ.વ.ઉ.)સામાજિક ક્ષેત્રે માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. પડવા-વાગવાથી સંભાળવું.**
**મિથુન :(ક.છ.ઘ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. ગૃહવિવાદ અંગે સંભાળવું.**
**કર્ક : (ડ.હ.) નોકરી-ધંધાને લગતા કાર્યો વેગ પકડે. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય.**
**સિંહ : (મ.ટ.) જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. વ્યર્થ દોડા-દોડી રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) મુસાફરીથી લાભ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.**
**તુલા : (ર.ત.) મનમાં મૂંઝવણ રહે. પ્રિયજન સાથે ચકમક ઝરે.**
**વૃશ્ચિક :(ન.ય.) માનસિક શાંતિમાં વધારો થાય. કાર્યક્ષેત્રમાં યશ પ્રાપ્તિ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) નવિન ખરીદીના યોગ છે. આર્થિક ક્ષેત્રે પ્રગતિ થાય.**
**મકર : (ખ.જ.) મનની મુરાદ બર આવે. અગત્યના પ્રશ્નોનો નિકાલ આવે..**
**કુંભ : (ગ.શ.સ.) મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. આર્થિક બાબતે પ્રતિકૂળતા રહે**
**મીન : (દ.ચ.જ.થ.)આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે. પડવા-વાગવાથી સંભાળવું.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પંડિત જવાહરલાલ નહેરૂના જમણા હાથ સમાન પંડિત ગોવિંદ વલ્લભ પંતની જન્મજયંતી છે.

એમનો જન્મ તા. ૧૦-૯-૧૮૮૭ ના રોજ હિમાલયની તળેટીમાં આલ્મોડા જિલ્લાના ખૂંટ ગામે થયો હતો. અલ્હાબાદમાં વકીલાતની એમની ધીકતી પ્રેકટીસ ચાલતી હતી. ઈ.સ. ૧૯૦૫ માં તેઓ કોંગ્રેસમાં સ્વયંસેવક તરીકે જોડાયા હતા પંત ૫૫ વર્ષ સુધી કોંગ્રેસના એક પીઢ નેતા તરીકે બહુમાન પામ્યા. ૧૯૪૭માં સ્વરાજય સ્થાપ્યું. ત્યારથી ૧૯૫૫ થી જીવનની છેલ્લી પળ સુધી ભારતના વિશાળ રાજયનું અને ૧૯૫૫ થી જીવનની છેલ્લી પળ સુધી ભારતના પ્રધાનમંડળમાં જવાહરલાલજીના પડખે રહી તેમણે દેશનું સુકાન સંભાળ્યું. ‘ભારતરત્ન’ ના મૂલ્યવાન પદથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# સૂરિપ્રેમસ્વર્ગારોહણ અર્ધશતાબ્દિવર્ષ નિમિત્તે નવસારી મહાવીર સંઘમાં સૂરિપ્રેમના રથના પધરામણાં

ડીસા

સિધ્ધાન્ત મહોદધિ, કર્મશાસ્ત્ર નિપુણમતિ, સૂરિપ્રેમ સ્વર્ગોરોહણ, અર્ધશતાબ્ધિ વર્ષ નિમિત્તે નવસારી, શ્રી મહાવીર નગર જૈન સંઘમાં સૂરિપ્રેમનો રથ આવતાં સકલસંઘે સામૈયા પૂર્વક બેન્ડવાજા સાથે સ્વાગત કર્યું હતું.આચાર્ય હંસકીર્તિ સૂરિજી, તપસ્વી ગિરિભૂષણ વિજયજી, મુનિ હંસબોધિ વિજય, પંન્યાસ રાજરક્ષિત વિજયજી આદિ વિશાળ સાધુવૃંદ તથા શ્રીમણી વૃંદે પંચાગપ્રણિપાત નમસ્કાર કરીને વાસક્ષેપ પૂજન કર્યું હતું.આ નિમિત્તે સંઘમાં બે દ્રવ્યના એકાસણાં પણ કરાવેલ હતાં.

સૂરિપ્રેમના ગુણાનુંવાદ કરતાં આચાર્યશ્રીએ જણાવેલ કે, આ મહાપુરુષનો ગુણાનુવાદ કરતાં જીભ ધન્ય બની જાય છે.૧૬ વરસની ભરયુવાનીમાં વ્યારાથી ૩૫ માઈલનો પગપાળા ચાલીને વિ.સં ૧૯૫૭ ની સાલમાં કારતક વદ-છઠે દિક્ષા લીધી હતી.તેઓશ્રીનો સ્વાધ્યાયપ્રેમ અજોડ હતો, નવુ નવું ભણવાની લગન હતી.છેલ્લી ઉંમરે પંચસુત્ર કંઠસ્થ કરતા હતાં, કર્મશાસ્ત્રમાં પારંગત હતાં.લાખો શ્લોક પ્રમાણ સંસ્કૃતમાં લેખન કરીને કમાલ કરી હતી.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ કહ્યું કે, સૂરિપ્રેમ વાત્સલ્યના દરીયા હતાં.વર્તમાન જૈન સંઘમાં સૌથી વધુ શ્રમણોની ભેટ આ મહાપુરુષે આપી હતી.જીવનભર માટે જેઓને મીઠાઈ, ફ્રુટ, ફરસાણનો સંપૂર્ણ ત્યાગ હતો.તેઓ શ્રી નારૂંવાડામાં કે મનમાં પણ વિકાર(કામદેવ) પ્રવેશી શક્યો ન હતો.માટે જ સૂરિપ્રેમનું નામ લેવાથી કામીના વિકારો શમી જતા હતાં.પૂજ્યશ્રીનો શ્રમણપ્રેમ, સ્વાધ્યાય પ્રેમ અને સંયમપ્રેમ અજોડ હતો.અનેકવાર માત્ર સાદા બે જ દ્રવ્ય દાલ અને રોટીનું માત્ર સાત મીનીટનું એકાસણું અને રોજનો ૧૫ થી ૧૭ કલાકનો સ્વાધ્યાય હતો.

મુનિશ્રી હંસબોધિ વિજયજીએ પ્રેમસૂરિજી દાદાના ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે, પાંચસમિતિ અને ત્રણગુપ્તિરૂપ અષ્ટપ્રવચનના કટ્ટર પાલક હતાં.સંયમ જેમનો પ્રાણ હતો.શિષ્ય-પ્રશિષ્યોને તૈયાર કરવામાં તેઓશ્રીએ ખુબજ મહેનત કરી હતી.પિસ્તાલિશ આગમમાં પારંગત હતાં ૬૭ વરસનો દિક્ષાપર્યાય પાળીને ૮૪ વરસનુ આયુષ્ય પૂર્ણ કરી ખંભાત મુકામે વીર..વીર..વીર..નું સ્મરણ કરતાં સ્વર્ગવાસ પામ્યા હતાં.

# જડિયા અનુપમ પે.કેન્દ્ર શાળામાં સી.આર.સી. કક્ષાનું ગણિત- વિજ્ઞાન પ્રદર્શન તથા કલા ઉત્સવની ઉજવણી

એન.કે. મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ગત તા. ૦૮/૦૯/૧૭ જડિયા અનુપમ શાળામાં વર્ષ ૨૦૧૭-૧૮ નું સી.આર.સી. કક્ષાનું ગણિત- વિજ્ઞાન પ્રદર્શન અને કલા ઉત્સવ અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને બાળકવિ સંમેલન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જડિયા કલસ્ટરની કુલ ૯ શાળાઓમાંથી અલગ- અલગ ૧૩ કૃતિઓ આવેલ હતી. તેમાં બાળ વૈજ્ઞાનિકોએ જુદા જુદા પાંચ વિભાગોમાં સુંદર કૃતિઓ રજુ થઈ હતી.

કલા ઉત્સવ અંતર્ગત ધો.૧ થી ૫ અને ૬ થી ૮ માં સ્વચ્છતા વિષય આધારિત સુંદર ચિત્રોનું આંકન કર્યું હતું. જેમાં ધો.૧ થી ૫ ની સ્પર્ધામાં પટેલવાસ જડિયા પ્રા.શાળાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને ૬ થી ૮ માં સ્વ. ડી.જે.પટેલ પ્રા.શાળાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સમગ્ર પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે શાળાના આચાર્ય બી.જે.પટેલ, સી.આર.સી. કૉ.બાબુભાઈ એમ. પટેલ અને ભાટિબ સરકારી માધ્યમિક શાળાના કા. આચાર્ય ધર્મિષ્ઠાબેન જાડેજાએ કર્યું હતું. ત્યારબાદ વિજેતા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને જડિયા શાળા પરિવાર તરફથી બાળકોને મિષ્ઠાન તીથિભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય બી.જે.પટેલ, સી.આર.સી. કૉ. બી.એમ. પટેલ, અજબાભાઈ વી. કરડ, બાબુજી રાજપુત, રાયમલભાઈ, ભરતભાઈ, જેતાભાઈ તેમજ પેટા શાળાના મુ.શિક્ષકો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# જી.સી.નાહર રોટરી આઈ બેંક અંકલેશ્વર ખાતે ચક્ષુદાન અવેરનેસ કાર્યક્રમ યોજાઈ ગયો

પ્રતિ. અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ચિલ્ડ્રન થિયેટર ખાતે તારીખ ૮મી સપ્ટેમ્બરે આઈ ડોનેશન અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આંખોનું દાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.તેમજ તે વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.શ્રીમતી જયાબેન મોદી હોસ્પીટલ, રોટરી કલબ ઓફ અંકલેશ્વર અને જી.સી.નાહર રોટરી આઈ બેંક દ્વારા આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામમાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ મહેશભાઈ પટેલે અંકલેશ્વરમાં કાર્યરત થયેલી આ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો અને ૫ લાખ રૂપિયા નોટીફાઈડ તરફથી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

નોટીફાઈડ એરિયા ઓથોરીટીના ચેરમેન હિંમત શેલડીયાએ જયાબેન મોદી હોસ્પીટલને નોટીફાઈડ તરફથી જરૂરી સહાય કરવાની જાહેરાત કરી હતી.નાહર પરિવાર તરફથી ૧૦ લાખ રૂપિયાની જાહેરાત કરવામાં આવી હતી.

અંકલેશ્વરના આંગણે ચક્ષુબેંક કાર્યરત થાય તે મોટી વાત છે.હવે ચક્ષુદાન મેળવવા માટે દુરથી આવવું પડતું હતુ તે નહીં આવવું પડે અને જલદીથી સ્થળે પહોંચી જાય તેવી વ્યવસ્થા ઉભી કરાશે.

આ પ્રસંગે જેમને ચક્ષુદાન કર્યું હોય તેના કુટુંબીજનોને સન્માનવામાં આવ્યા હતા.તેમજ ચક્ષુદાનને લઈને ચક્ષુ મેળવનાર વ્યક્તિઓના જીવનમાં કેવા ફેરફાર આવ્યા તે વિશે ઉદાહરણો સહિત કહેવામાં આવ્યું હતું.જીવતેજીવ રક્તદાન અને મૃત્યુ પછી ચક્ષુદાનને અનુસરવા શીખ અપાઈ હતી.આ પ્રસંગે જયાબેન મોદી હોસ્પીટલના ટ્રેઝરર અને કન્વીનર કમલેશ દાણી, જી.સી.નાહર રોટરી આઈ બેંકના પ્રોજેક્ટ ચેરમેન સુરેશ નાહર, રોટરી કલબ ઓફ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ ડેવલેપમેન્ટ સોસાયટીના માનદ સેક્રેટરી અશોક પંજવાણી, એઆઈએ વાઈસ પ્રેસીડન્ટ જશુ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

# ઊણ વિદ્યા સંકુલમાં સન્માન સમારોહ યોજાયો

યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લાની ઊણ ખાતેના વિદ્યા સંકુલના તમામ વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષથી અમૃતભાઈ આલ- ગાંધીનગર દ્વારા લેશન બુક્સ આપવામાં આવે છે. જેના અનુસંધાને અમૃતભાઈ આલનું સંસ્થા દ્વારા સન્માન કરી વિવેકાનંદનું સ્ટેચ્યુ, સાલ અને ફુલહારથી સન્માન કરવામાં આવ્યું. સાથે પ્રવિણભાઈ એસ. શાહ, તથા મુકેશભાઈ દેસાઈનું પણ સ્વાગત કરવામાં આવ્યું.

અમૃતભાઈ આલ દ્વારા તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિ અને પૂરની વિકટ પરિસ્થિતિમાં કરેલ સેવાની કામગીરીને બિરદાવી વિદ્યાલયના શિક્ષક જે.વી.ચૌધરીએ વક્તવ્ય આપ્યું હતું.

પ્રાર્થના વિદ્યાલયની બહેનોએ રજુ કરી હતી. સ્વાગત પ્રવચન એન.બી. ગઢવીએ જયારે મંડળના સહમંત્રી નવીનભાઈ સોનીએ વક્તવ્ય દ્વારા બિરદાવ્યા હતા. સમારંભમાં વી.ટી.ઝાલા, વી.ડી. વાઘેલા અને ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતા.

આભારદર્શન જિતુભાઈ પટેલે અને સભા સંચાલન પ્રહલાદભાઈ ઠક્કરે કર્યું.

# થરાદના ખોરડા કોલેજમાં પુણ્યતીથી નિમીત્તે સંતવાણી યોજાઈ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

ગાંધીનગર શિક્ષણ વિભાગના નાયબ નિયામક બિપીનભાઈ અને દાહોદ લીમખેડાના એસ.પી. સુભાષભાઈ ના પિતાશ્રી કિર્તીલાલ પ્રભુલાલ ત્રિવેદીની શનિવારે પ્રથમ પુણ્યતીથી નિમિત્તે એ.પી.ત્રિવેદી શૈક્ષણિક સંકુલ ખોરડા મુકામે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે (ભજન સત્સંગ) સંતવાણી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક રાજકીય અને સામાજીક આગેવાનો તથા સરકારી કર્મચારીઓએ ઉપસ્થિત રહી કિર્તીલાલને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બ્રાહ્મણ સમાજ પણ ઉપસ્થિત રહ્યો હતો.

# અમીરગઢ તાલુકા પગાર કેન્દ્ર શાળા-૧ માં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

તા.પ્રતિનિધિ અમીરગઢ

શ્રી અમીરગઢ તાલુકા પગાર કેન્દ્ર શાળા-૧ માં શાળાના આચાર્ય રાજેશભાઈ જી.પટેલના માર્ગદર્શન હેઠળ અને શાળાના વિશિષ્ટ શિક્ષક દૂધાભાઈ એન. પરમાર અને વિજયાબેન પરમાર તથા માવાણી સોનલબેનના આયોજન હેઠળ શ્રી સાર્વજનિક ગ્રામ ગ્રંથાલય અમીરગઢ અંતર્ગત દર મહિનાની અંતિમ તારીખે બાલ સભામાં ધો. ૬ થી ૮ ની નિબંધ લેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને સ્વચ્છતા હરિફાઈ યોજવામાં આવી હતી.

આ નિબંધલેખન સ્પર્ધામાં ધો. ૬ થી ૮ ના ૧૭ બાળકોએ ભાગ લીધો હતો. નિબંધ લેખનમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા, પુસ્તક મારો મિત્ર, મને શું થવું ગમે જેવા વિષયો પર પોતાના સ્વહસ્તાક્ષરે નિબંધ લખ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં ધો.૬ થી ૮ ના ૩૦ બાળકોએ ભાગ લીધો હતો. તેમાં બેટી બચાવો, બેટી બઢાવો, એક કદમ સ્વચ્છતા કી ઓર, પર્યાવરણ બચાવો જેવા ચિત્રો દોર્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં ધો.૬ થી ૮ ના ૨૦ બાળકોએ ભાગ લીધો હતો. તેમાં મારા સ્વપ્નનું ભારત, પર્યાવરણ બચાવો, અતિવૃષ્ટિ, સ્વચ્છ ભારત વગેરે વિષય પર બાળકોએ વક્તવ્ય આપ્યું હતું. સફાઈ અભિયાનમાં ધો.૬ થી ૮ ના તમામ બાળકોએ ભાગ લીધો હતો. દરેક પ્રવૃત્તિમાં ભાગ લેનાર ૧ થી ૩ નંબરો આપવામાં આવ્યા હતા અને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

# સાયન્સ કોલેજ ધાનેરામાં શિક્ષક દિનની ઉજવણી

તા.પ્રતિનિધિ ધાનેરા

સાયન્સ કોલેજ, ધાનેરામાં તા. ૫ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષક દિનની ઉજવણીમાં કોલેજના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રિન્સીપાલની ભૂમિકા વિદ્યાર્થી કુંદન રામાજીએ ભજવી હતી અને આ દિવસે કોલેજનું શૈક્ષણિક કાર્ય આ વિદ્યાર્થીઓએ સવારથી જ સંભાળી લીધું હતું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ એ દિવસના ટાઈમ- ટેબલ મુજબ દરેક ક્લાસમાં પોતાના ભાગે આવતુ શિક્ષક કાર્ય કર્યું હતું. તેમાં અન્ય વિદ્યાર્થીઓએ તેઓને ખૂબ જ સાથ અ ને સહકાર આપ્યો હતો. બપોર ૨-૦૦ કલાકે જ્યારે શિક્ષણ કાર્ય પૂર્ણ થયું ત્યારે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ અને અન્ય વિદ્યાર્થીઓનો પ્રતિભાવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનું સંચાલન શિક્ષક બનેલા વિદ્યાર્થી ચૌધરી ગજાભાઈએ અને કોળી વિપુલભાઈએ કર્યું હતું. જેમાં સંસ્થા કોલેજના પ્રિન્સીપાલ ડૉ.લાલાભાઈ પટેલ તથા કોલેજના સ્ટાફ મિત્રોએ તેમજ અન્ય મહેમાનોએ હાજરી આપી શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને તથા અન્ય વિદ્યાર્થી મિત્રોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

# સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટ ખાતે સ્વયં શિક્ષકદિનની ઉજવણી

ભરત સુંદેશા

ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડીસા સંચાલિત શ્રી સર્વોદય પ્રાથમિક, માધ્યમિક તથા ઉ.માધ્યમિક વિદ્યાલય, કાંટ ખાતે તાઃ- ૫/૯/૨૦૧૭ ને વાર મંગળવારના રોજ પ્રા.શાળાના આચાર્ય માળી રમેશભાઈ તથા મા. ઉ.માધ્યમિક વિભાગના આચાર્ય આલ ભરતભાઈના માર્ગદર્શન હેઠળ સ્વયં શિક્ષક દિનની હર્ષભેર ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ ૧ થી ૧૨ માં કુલ ૪૬ વિદ્યાર્થી ભાઈ- બહેનો દ્વારા જુદા જુદા વિષયોનું શિક્ષણકાર્ય કરવામા આવેલ. જેમાં શિક્ષક, આચાર્ય, ક્લાર્ક, સેવક વગેરેની તેમના દ્વારા ભૂમિકાઓ અદા કરી દિવસ દરમ્યાન સમગ્ર વાતાવરણ શિક્ષણમય રહ્યું. શિક્ષણકાર્ય પૂર્ણ થયા બાદ બાળકોએ પોતાના અભિપ્રાયો તેમજ શિક્ષક તરીકેના દિવસભરના પોતાના અનુભવો રજુ કર્યા હતા. ત્યારબાદ પ્રા.વિભાગ તથા મા. વિભાગના આચાર્ય માળી રમેશભાઈ તથા આલ ભરતભાઈ દ્વારાડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે રસપ્રદ માહિતી અને ભાગ લેનાર વિદ્યાર્થી ભાઈબહેનોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

# ડીસા તાલુકા ભાજપ અનુ.જાતિ મોરચાના હોદ્દેદારોની નિમણુંક

ડીસા

ભારતીય જનતા પાર્ટી દ્વારા ડીસા તાલુકા અનુસુચિત જાતિ મોરચાના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી. તેમાં ભારતીય જનતા પાર્ટી ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, મહામંત્રી બાબરસિંગ વાઘેલા, રમેશભાઈ દેસાઈ, બનાસકાંઠા જિલ્લા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ પરમાર સાથે પરામર્શ કરી ડીસા તાલુકા ભાજપ અનુસુચિત મોરચાના પ્રમુખ તરીકે વિરમાભાઈ જગશીભાઈ પુનડીયા (જુનાડીસા) તથા મહામંત્રી તરીકે શ્રીમાળી બાબુભાઈ દાંનાભાઈ (આસેડા) ની વરણી કરાઈ છે.

# ડીસામાં જિલ્લા કક્ષાની હોકી ટુર્નામેન્ટનો પ્રારંભ

ભરત સુંદેશા

## ભાઈઓની ૧૦ અને બહેનોની ૬ ટીમો વચ્ચે ટક્કર

ડીસા

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૭ ની બનાસકાંઠા જિલ્લાની હોકી સ્પર્ધા ભાઈ/ બહેનોની ગઈકાલે ઉત્તર ગુજરાતના ખ્યાતનામ ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર શરૂ થઈ. આ હોકી ટુર્નામેન્ટ ગુજરાત સરકારની જિલ્લા રમત ગમત અધિકારી કચેરી પાલનપુર તેમજ ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એકેડેમી અને સરદાર પટેલ હાઈસ્કુલના યજમાન પદે શરૂ થઈ. ભાઈઓની હોકીમાં બ.કાં.જિલ્લાની કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો. તેમજ બહેનોની હોકીમાં જિલ્લામાંથી કુલ ૬ ટીમોએ ભાગ લીધો છે. આ હોકી ટુર્નામેન્ટ ગુજરાત સરકારના વેલફોર બોર્ડના ડાયરેક્ટર અને નગરપાલિકા ડીસાના કારોબારી સમિતિના ચેરમેન શશીકાન્તભાઈ પંડ્યાના વરદ હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા રમત ગમત અધિકારી શ્રી ધોયા ડીસા એકેડેમીના પ્રમુખ છબીલભાઈ સોનેથા, માનદ મંત્રી સતિષ બનાવાલા, એકેડેમીના મુખ્ય કોચ વિપુલ આલ, હોકી કન્વીનર રાહુલ પરમાર, ડીસા એકડેમીના સ્કેટીંગ કોચ રમેશભાઈ ઠાકોર ખાસ ઉપસ્થિત રહી આ હોકી ટુર્નામેન્ટ ખુલ્લી મુકી હતી.

# શિહોરી પે.કેન્દ્ર શાળા નં.૧ માં ઉકાળાનું વિતરણ

વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

ગત તા. ૯/૯/૨૦૧૭ ને શનિવારના રોજ શ્રી શિહોરી પે.કેન્દ્ર શાળા નં.૧ ના વિદ્યાર્થીઓને સ્વાઈન ફલુ ન થાય તે હેતુથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શિહોરીના ઉપક્રમે શાળાના તમામ બાળકોને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉકાળો અરડુસી, સૂંઠ, તુલસી જેવા ઔષધોનો ઉપયોગ કરી શરીરને નિરોગી રાખે તેવો ઉકાળો બાળકોને આપવા બદલ શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ દલપતસિંહ વાઘેલાએ આયોજકોનો આભાર માન્યો હતો.

# સાયન્સ કોમર્સ કોલેજ, પાલનપુર તજજ્ઞનું વ્યાખ્યાન યોજાયું

સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુરમાં ‘નેક’ ગાઈડલાઈન મુજબ ‘ફેકલ્ટી એક્ષચેન્જ પ્રોગ્રામ’ અંતર્ગત ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસાના બે વિજ્ઞાન પ્રોફેસર પ્રા.કે.એમ. પટેલ પ્રા. આર.પી. ગણાવાએ ફાઈનાન્સીયલ એકાઉન્ટીંગ અને કમ્પલસરી એકાઉન્ટીંગ વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મુઝવતા પ્રશ્નોનું સરળતાથી માર્ગદર્શન પણ આપ્યું હતું.આ એક્ષપર્ટ વ્યાખ્યાન બી.કોમ. સેમ.૧ ના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ માણ્યું હતું.આ ઉપરાંત ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસાના ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ પણ અત્રેની કોલેજની મુલાકાત લીધી હતી અને પોતાના અનુભવો આ કોલેજના વિદ્યાર્થીઓ સાથે સેર કર્યા હતા.ડીસા કોલેજના વિદ્યાર્થીઓનો આ કોલેજની મુલાકાતનો અદભુત અનુભવ રહ્યો હતો.

# અમીરગઢ તાલુકા પગાર કેન્દ્ર શાળા -૧ નું અને તાલુકાનું ગૌરવ

તા.પ્રતિનિધિ અમીરગઢ

શ્રી અમીરગઢ તાલુકા પગાર કેન્દ્ર શાળા-૧ માં ફરજ બજાવતા પરમાર દૂધાભાઈ નાથાભાઈ શાળામાં ઈતર પ્રવૃત્તિ અને તેમજ વિકલાંગ બાળકોને મદદ કરવી તથા ગરીબ બાળકોને મદદ કરવી તથા શાળાકીય પ્રવૃત્તિઓ કરવી. બાળકો શિક્ષણ પ્રત્યે વધુને વધુ પ્રોત્સાહિત કરવા, બાળકોને શિક્ષણ સારું આપવું. તે બદલ જિલ્લા શિક્ષણ અધિકારી (પાલનપુર) દ્વારા એ સારી કામગીરી બદલ તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે તા. ૫ મી સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપવામાં આવેલ છે. જેમાં પ્રમાણપત્ર ૫૦૦૦/- નો ચેક તેમજ શાલ ઓઢાડીને સન્માન કરેલ છે.

# વરસડા પ્રા.શાળામાં શિક્ષકદિનની ઉજવણી

તા.પ્રતિ વડગામ

ભારતના બીજા રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન તરીકે ઉજવાય છે. વડગામ તાલુકાની વરસડા પ્રા.શાળામાં પણ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ શિક્ષક બની શિક્ષણકાર્ય કરાવ્યું હતું. જેમાં ધોરણ ૬ થી ૮ ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના શૈક્ષણિક સ્ટાફ તરફથી શિક્ષકો બનેલા વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. શિક્ષક બનેલા વવિદ્યાર્થીઓએ આ પ્રસંગને પોતાના જીવનના યાદગાર પ્રસંગ તરીકે વર્ણવ્યો હતો અને પોતાના ભાવ-પ્રતિભાવ જણાવ્યા હતા.

# પાલનપુરના સલેમપુરા વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઉભરાતા લોકો ત્રાહીમામ

### પીવાના પાણી સાથે ગટરનું પાણી ભળતા રોગચાળાની દહેશત

સંજય જોષી

પાલનપુર

પાલનપુરના સલેમપુરા વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઉભરાતા સમગ્ર વિસ્તાર ગંધાઈ ઉઠ્યો છે. વળી, આ ગટરનું પાણી પીવાના પાણી સાથે ભળતા લોકો દુષિત પાણી પી રહ્યા છે. જેને પગલે રોગચાળો ફેલાવવાની દહેશત વર્તાઈ રહી છે.

પાલનપૂરના સલેમપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી ભૂગર્ભ ગટર ઉભરાઈ જાહેર માર્ગ પર રેલાઈ રહી છે. વળી, આ મળ મૂત્ર વાળું ગટરનું પાણી રોડ પર ફરી વળતા સમગ્ર વિસ્તાર દુર્ગંધ થી ગંધાઈ ઉઠ્યો છે. તો વળી, બાજુમાં જ પીવાના પાણીનો વાલ્વ આવેલો હોઈ તેમાં ભૂગર્ભ ગટરનું પાણી ભળવાથી જાહેર આરોગ્ય પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. આ અંગે વારંવાર પાલિકાના સેનિટેશન ચેરમેનને રજુઆત કરવા છતાં તેઓના બહેરા કાને અથડાઈને પરત ફરતા રોષે ભરાયેલા સ્થાનિક રહીશો હવે આંદોલન કરવાનો માર્ગ અખત્યાર કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

### સેનિટેશન વિભાગ ઘોર નિદ્રામાં

પાલનપુર પાલિકાનું સેનિટેશન વિભાગ કુંભકુર્ણની ગાઢ નિદ્રામાં પોઢી રહ્યું છે. શૌચાલયની યોજનામાં મલાઈ ભાળી ગયેલા સેનિટેશન ચેરમેનને બીજું કઈ દેખાતું ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેઓને જીતાડવા માટે જે ભાજપના કાર્યકરો એ કમર કસી છે. તેવોની પણ વાત તેઓ કાને ધરતા નથી. જેથી સ્થાનિક રહીશો હવે વોટ માંગવા આવેલા ભાજપના કાર્યકરોને પકડી રહ્યા છે. ત્યારે એકબાજુ ચેરમેન સાંભળતા નથી અને બીજીબાજુ સ્થાનિક રહીશો ઉભરો ઠાલવી રહ્યા છે. ત્યારે ભાજપ માટે વોટ માંગવા ગયેલા કાર્યકરોની હાલત કફોડી બની હોવાનું સામાજિક કાર્યકર મયૂરભાઈ મોદીએ જણાવ્યું હતું.

# વાવમાં મકાન સહાય સર્વેની કામગીરી વિલંબે

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

જુલાઈ ૨૦૧૭ માં વાવ શહેરમાં અંદાજે ૨૯ ઈંચ થી વધુ કુલ મોસમનો વરસાદ ખાબક્યો હતો.જેથી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.તેમજ કાચા પાકા મકાનો અને દિવાલો ધરાશાઈ અને પાકા મકાનોમાં તિરાડો પડી ગઈ હતી.જો કે અમુક વિસ્તારોમાં પાકા મકાનો પણ પડી ગયા હતા.જેની તસ્વીરો સાથે મિડિયાતંત્રે નોંધ પણ લીધી હતી.જુલાઈ ૨૦૧૭ અને ઓગસ્ટ ૧૭ ના અતિભારે વરસાદથી મકાનોને નુકશાન થતા પીડિતોએ વાવ ગ્રા.પંચાયત, તા.પંચાયત, મામલતદાર કચેરી ખાતે લેખિતમાં અરજીઓ પણ કરી હતી.આ બાબતે વાવ ગ્રા.પંચાયતના સરપંચ ઠાકરસીભાઈ વેણે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે વાવના મકાન સર્વેની કામગીરી માટે વારંવાર તાલુકા પંચાયત કચેરી ખાતે રજૂઆતો કરી છે.પરંતુ માત્ર ૩૫ ટકા સર્વેની કામગીરી થઈ છે.હજુ ૬૫ ટકા મકાન સર્વેની કામગીરી બાકી છે.દિવાળીના મહાપર્વ પહેલાં વાવ શહેરમાં મકાન સર્વેની કામગીરી હાથ ધરી પીડિતોને સહાય ચુકવાય તે જનહિતમાં છે.જેથી પુર પિડીતો પોતાના મકાનો, દિવાલોની કામગીરી પૂર્ણ કરાવી પોતાના મકાનમાં સ્વતંત્ર રહી દિવાળીના મહાપર્વને મનાવી શકે હાલની પરિસ્થિતિ જોતા શહેરમાં મકાન સર્વેની ૬૫ ટકા કામગીરી વિલંબે ચડી છે.તંત્ર આ બાબતે સાબદુ બને તે પૂર પિડીતોના હીતમાં છે.

# સિપુ ડેમનું પાણી જેગોલના ખેતરોમાં ફરી વળતા જગતનો તાત પાયમાલ

### મગફળી જેવા પાકો તો પાંચ પાંચ ફૂટ પાણીમાં ગરકાવ

પ્રતિનિધિ દાંતીવાડા

બનાસકાંઠામાં પુર આવ્યાને આજે ૪૫ દિવસ થવા આવ્યા છતાં હજી પણ કેટલાય ગામોમાં પાણી ભરાયેલા છે દાંતીવાડા તાલુકા ના જેગોલ ગામમાં હજી કેડ સુધી પાણી ભરાયેલા છે જેને લઈને શાળા જતા બાળકો બે મહિનાથી શાળાએ જઈ શકતા નથી. જેને લઈને બાળકો ભણવા જવાનું મુશ્કેલ બન્યું છે. હજી દાંતીવાડામાં આવેલા કેટલાક ગામોની પરિસ્થિતી ખુબજ ખરાબ જોવા મળી રહી છે જેગોલ ગામની બાજુમાં આવેલા સિપુ ડેમમાં પાણી વધારે આવવાના કારણે આજે બે મહિના થવા આવ્યા છતાં પણ ખેતર માં ૫ ફૂટ જેટલા પાણી ભરાયેલા છે અને જેના કારણે આ વિસ્તારથી શાળા તરફ જતો રસ્તો બંધ થઈ જવા પામ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# વારાહીના ભીડભંજન હનુમાનજી ગૌશાળામાં વરસાદથી ૧૯૫ ગાયોના મોત

પ્રતિનિધિ વારાહી

વરસાદ અને પાણીના પુરથી નુકશાનને એક મહીના ઉપર સમય થયો હોવા છતાં વારાહીની શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળામાં ૧૯૫ જેટલી ગૌમાતાનું મોત થયુ અને ૨૦,૦૦,૦૦૦/- લાખ રૂપિયાનું નુકશાન થયું હોવા છતાં આજદિન સુધી એક પણ રૂપિયાની સહાય મળી નથી અને ઘાસચારો પણ નથી મળ્યો.

જીવદયા ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વારાહીમાં શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળાની ત્રણ શાખાઓ ચાલે છે. શ્રી ભીડભંજન હનુમાનજી દાદાના મંદિરની બાજુમાં જે વારાહીથી ૫ કી.મી.ના અંતરે આવેલ માનપુરા મુકામે શ્રી શગત માતાજીના મંદિરની બાજુમાં આવેલી છે. જે વારાહીથી રાધનપુર નેશનલ હાઈવે ઉપર આવેલી છે. આ ત્રણેય શાખાઓમાં થઈને કુલ ૩૧૦૦ જેટલી ગાયોની સેવા તથા સાળ સંભાળ લેવામાં આવે છે. તા.૨૨ જુલાઈ થી ૧૦ ઓગસ્ટ સુધીમાં આ ગૌશાળામાં પાણીના પુરના અને વરસાદના કારણે ૧૯૫ જેટલી ગાયો મોતને ભેટી છે. (ગૌ લોક પામી છે.) અને ૩૦૦ જેટલી ગાયો બીમાર હતી આ બાબતે તાલુકાના મામલતદાર ટી.ડી.ઓ અધિકારીને જિલ્લા કલેકટરને તેમજ ટી.ડી.ઓ ને તથા આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્યમંત્રી વીજયભાઈ રૂપાણીને પણ અરજીઓ કરેલ છે અને રજુઆતો પણ કરેલ છે છતા પણ આજ દિન સુધી આ વારાહીની ગૌશાળાને તેમજ આજુ બાજુ ગૌશાળાઓ તેમજ બ.કાં. અને પાટણ જિલ્લાની સમગ્ર ગૌશાળાઓ અને પાજરાપોળને સરકાર જે જાહેરાત કરેલી કે એક ગાય દીઠ રૂપિયા ૪૦,૦૦૦/- હજાર તેમજ નુકશાનની વળતર આપવામાં આવશે પરંતુ આજદિન સુધી એક પણ રૂપિયાની સહાય આવેલ નથી. ફક્ત સરકાર તરફથી એક ઘાસની ગાડી આવેલ છે. જે ૧૦૦ ગાડી ઘાસ આપવાની તેમાથી એક ઘાસની ગાડી આવી છે. આ બાબતે અધિકારીઓને અને સરકારને વારંવાર રજૂઆતો કરવા છતાં આ બાબતની સહાય મળી નથી.

# થરાદના કરબુણ ગામેથી વિદેશી દારૂ પકડાયો

વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરના આદેશથી એલ.સી.બી. પોલીસ થરાદ તાલુકામાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલી બાતમીના આધારે કરબુણ ગામની સીમમાં નાકાંબંધી ગોઠવી હતી. તે દરમ્યાન પિકઅપ ડાલાને રોકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૪૧૬ બોટલ (કિંમત રૂા.૧,૪૧,૬૦૦) મળી આવી હતી. જેથી પોલીસે આરોપી જગારામ ભાણારામ રબારી (રહે.ભાટકી રાજસ્થાન) અને મનહરસિંહ અર્જુનસિંહ ચૌહાણ (રહે.કરબુણ તા.થરાદ)ની અટકાયત કરી વિદેશી દારૂ અને ગાડી મળી કુલ રૂા.૫,૪૬,૧૦૦ નો મુદામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આખલાના આતંકથી છુટકારો

અરવિંદ ઠાકોર

ઈકબાલગઢમાં છેલ્લા કેટલાક સમયથી આખલાએ અનેક વ્યકિતઓને ઈજા પહોંચાડતાં ગ્રામ પંચાયતે વિશેષ ટીમ બનાવી આખલાને પકડી પાડતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# કાંકરેજ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ પડતર માંગણીઓ મુદે આવેદનપત્ર આપ્યું

વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ તા.૮/૯/૧૭ ના રોજ પડતર માંગણીઓ મુદ્દે કાંકરેજ મામલતદાર ચૌહાણને આવેદનપત્ર આપ્યું હતું જેમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ પગાર ધોરણ સહિત વિવિધ માંગણીઓ મુદ્દે શુક્રવારે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું જેમાં હેલ્થ વર્કર (યુ) કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ ૫૨૦૦-૨૦૨૦૦૦ ગ્રેડ પે ૨૪૦૦ આપવામાં આવતું નથી એવી માંગણી અને પગાર વિસંગતા દૂર કરવા ઉપરાંત પ્રમોશન બઢતીની તકપણ મર્યાદિત હોવાથી પ્રા.શિક્ષકની જેમ પગાર ધોરણ ૯ વર્ષ - ૨૦ વર્ષ અને ૩૧ વર્ષ આપવાની માંગણી કરાઈ હતી.

# બનાસકાંઠા વિદ્યાર્થી સંગઠન દ્વારા કોલેજની વિવિધ ફેકલ્ટીની પરીક્ષાઓ દિવાળી પછી યોજવા કુલપતિને આવેદનપત્ર

ડીસા

તાજેતરમાં બનાસકાંઠામાં અતિભારે વરસાદના કારણે કુદરતી આફત આવેલી. પરિણામે સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયેલ તેની માઠી અસર શિક્ષણ કાર્ય પર પણ પડેલી છે. જિલ્લામાં લગભગ મહિનાઓ સુધી વરસાદે તબાહી સર્જી હતી. પરિણામે જિલ્લાની કેટલીક કોલેજો બંધ રહેલ અને જયાં જે જગ્યાએ કોલેજ ચાલી હતી ત્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવી શકેલ નહીં. તેથી યોગ્ય સમયમાં શિક્ષણકાર્ય પુરૂ થઈ શકેલ નહિં. અને પ્રથમ પરીક્ષાનો અભ્યાસક્રમ પુરો થયો પણ ન હતો, ત્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં વિવિધ ફેકલ્ટીની તા. ૩/૧૦/૨૦૧૭ ના રોજ પરીક્ષા યોજવાનું નક્કી કરેલ અને તારીખ જાહેર થતાં વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે, કુદરતી આફતના કારણે જિલ્લામાં કેટલાય વિદ્યાર્થીઓ ડિસ્ટર્બ થઈ ગયેલ છે. જો પરીક્ષા યોજવામાં આવે તો વિદ્યાર્થીઓના કેરીયર પર માઠી અસર થાય તેમ છે.

રાજ્ય સરકારે વરસાદી આફતના કારણે માધ્યમિક અને પ્રાથમિક શાળાઓના ઓક્ટોબર પછી પરીક્ષા લેવાનું નક્કી કરેલ છે. તેથી બનાસકાંઠા વિદ્યાર્થી સંગઠન દ્વારા પાટણ ખાતે કુલપતિને રજુઆત કરાઈ છે અને પરીક્ષા માટે જે તા. ૩/૧૦/૨૦૧૭ જાહેર કરેલ છે. તે તારીખ બદલીને ઓક્ટોમ્બર પછી પ્રથમ પરીક્ષા યોજવા માટે વિદ્યાર્થી સંગઠનના પ્રમુખ તથા પ્રદેશ કારોબારી યુવા ભાજપ સભ્ય જસંવત વાઘેલાની આગેવાની હેઠળ આવેદનપત્ર કુલપતિને આપ્યું હતું. આ પ્રસંગે જસવંતસિંહ વાઘેલા, વિક્રમ પુરોહિત, જતીન પટેલ સહિત અન્ય વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### કચ્છ તરફ જતી વધુ એક બસનો લાભ છીનવાયો

# ડીસા ડેપો સંચાલિત અંબાજી- નારાયણ સરોવર બસ અચાનક બંધ

પ્રતિનિધિ વડાવળ

ગુજરાત એસ.ટી. નિગમ વધુ સારી સેવાઓ પુરી પાડવા માટે અનેક બણગાં ફૂંકે છે ત્યારે દિવસે દિવસે એસ.ટી. તંત્ર યાત્રાધામને જોડતા રૂટો બંધ કરી શ્રધ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચાડી રહ્યું છે. ડીસા ડેપો દ્વારા ચાલતી અંબાજી- નારાયણ સરોવર એક્સપ્રેસ બસને બંધ કરી દેવામાં આવતા કચ્છ તરફ જતી વધુ એક બસનો લાભ છીનવાયો છે. આ અગાઉ ડીસા માતાના મઢ બસને બંધ કરી દેવામાં આવી છે. ત્યારે ૭ મી સપ્ટેમ્બરથી અંબાજી નારાયણ સરોવર બસ પણ અચાનક બંધ કરી દેવામાં આવતા મુસાફરોમાં રોષની લાગણી ફેલાઈ છે. ડીસા ડેપોમાં સવારે ૮:૩૦ કલાક આસપાસ આવતી અંબાજી- નારાયણ સરોવર બસ કચ્છના વિખ્યાત તિર્થ માતાના મઢ સાથે સંકળાયેલી હતી. જેથી બનાસકાંઠા જિલ્લાના શ્રદ્ધાળુ મુસાફરોને માતાના મઢ જવા માટે આ બસ ખુબ ઉપયોગી હતી. વધુમાં આ બસ એક્સપ્રેસ સાદી બસ હતી. જેથી મુસાફરોને ભાડામાં પણ પોષાતી હતી. ડીસા ડેપોમાંથી કચ્છ તરફ જવા માટે સવારે ૭.૪૫ કલાકે પાલનપુર-ભુજ સ્લીપર બસ જ્યારે ૯ કલાકે અંબાજી- માંડવી પણ સ્લીપર બસ હોવાથી મુસાફરો માટે અંબાજી નારાયણ સરોવર બસ જીવાદોરી સમાન હતી. ત્યારે એસ.ટી. સત્તાવાળાએ મનસ્વી રીતે બંધ કરી દેવામાં આવતા મુસાફરોમાં રોષ ફેલાયો છે. આગામી નવરાત્રીના સમયમાં માતાના મઢના દર્શન કરવા દેશભરમાંથી શ્રદ્ધાળુ લોકો આવતા હોય છે. માતાના મઢમાં નવરાત્રીનો મોટો મહિમા રહેલો છે. તેવા સમયે પાલનપુર વિભાગ અને ડીસા ડેપોના અધિકારીઓ દ્વારા મનઘડત નિર્ણય લીધો છે. જેથી સત્વરે ફરી પાછી આ બસ ચાલુ કરવાની માંગ ઉઠી છે.

# સામઢી વિજ ડીપી ઉપર ઝાડી- ઝાંખરનું સામ્રાજ્ય

ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી નાઢાણીવાસ ગામે પ્રાથમિક શાળાની સામે જ વિજ કંપની દ્વારા વિજ ડીપી નાખવામાં આવી છે. જે વિજડીપીની ફરતે લોખંડની જાળી પણ નાખવામા આવી નથી. જેથી જોખમી બનેલી આ વિજડીપી ઉપર હાલમાં ઝાડી- ઝાંખરનું સામ્રાજ્ય છવાયું છે. જેના કારણે અવારનવાર વિજ ફોલ્ટ થાય છે. જેથી વિજળી બંધ રહેવા સાથે લોકોને ટીવી, પંખા જેવા ઈલેક્ટ્રિક ઉપકરણો બળી જવાનો ભય સતાવે છે. જેને ગંભીરતાથી લઈ સત્વરે ઘટતા પગલા ભરાય તેવો જનમત પ્રવર્તે છે.

# થરાદના પઠામડામાં અંગત અદાવતમાં ઘર સળગાવ્યું

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના પઠામડા ગામના યુવકે દુષ્કર્મ આચર્યું હોવાની અદાવતમાં તેનું ઘર સળગાવી દેતા ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી જે બાબતે ત્રણ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે. પઠામડા ગામના પ્રેમાબેન ડાયાજી ઠાકોરના પુત્ર દશરથજી ઠાકોર ઉપર મહીના અગાઉ વાસણા ગામની યુવતિ ઉપર દુષ્કર્મની ફરીયાદ નોંધાઈ હતી. જે યુવતિના પિતાનો ગામનો ગેમરાજી ઈશાજી ઠાકોર સગો સાળો થાય છે. જેથી તેના ભાઈઓ ભમરાજી ઠાકોર, સવલીજી ઠાકોર અને અમરતજી ઠાકોર તેમને ગામ છોડી દેવા વારંવાર ધમકાવતા હતા. એટલું જ નહી ગતરોજ તેમના બંધ ઘરને કેરોસીન છાંટી સળગાવી દીધું હતું. જેથી ઘરવખરી બળી જતા તેમને ૧૦ હજાર ઉપરાંતનું નુકશાન થયું હતું. તેમ છતાં આરોપીઓ રોફ દાખવી ડરાવતા હોઈ તેમણે ત્રણેય વિરૂધ્ધ થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા રોટરી ક્લબ દ્વારા હેપ્પી સ્કૂલ બનાવાઈ

Rotary
Club Deesa
ભરત સુંદેશા

ડિસાની રેલવે સ્ટેશન પ્રા.શાળાને રોટરી ક્લબ ડીસા દ્વારા નવીની કરણ કરી શાળાને હેપ્પી સ્કૂલ બનાવતા તેનો લોકાર્પણ કાર્યક્રમ ધારાસભ્ય ગોવાભાઈ રબારીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.રોટરી ક્લબ દ્વારા રોટે. મહેશભાઈ ભણસાલી અને રોટે. છગનભાઈ સોની ની ઉદાર સખાવત અને રોટેરિયન મિત્રો ના સહયોગથી શાળામાં રીનોવેશન,ટોયલેટ બ્લોક,ક્રીડાંગણ સહિતની સુવિધા ઉભી કરી છે.આ પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રવીણ માળી, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી ડૉ. દીપકભાઈ દરજી,પર્યાવરણવિદ ડૉ. નવીનભાઈ શાહ,રોટરી ક્લબના પ્રમુખ નટુભાઈ પટેલ સહિત સભ્યો હાજર રહયા હતા.

# બનાસકાંઠા જિલ્લા ભાજપ અનુજાતિ મોરચાની જિલ્લાની કારોબારીની પ્રથમ બેઠક યોજાઈ

પ્રતિનિધિ આસેડા

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીની જિલ્લા અનુસુચિત જાતિ મોરચાની કારોબારીની પ્રથમ બેઠક ડીસા ખાતેની ડિસન્ટ હોટલમાં યોજાઈ હતી.

જિલ્લા અનુસુચિત જાતિ મોરચાની પ્રથમ કારોબારી બેઠકમાં જિલ્લા પ્રભારી દુષ્યંત પંડ્યા ગુજરાત ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની ચેરમેન પ્રવિણભાઈ પંડ્યા, જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા વગેરેએ સૌપ્રથમ દીપ પ્રાગટ્ય કરી કારોબારી સભાની શરૂઆત કરી હતી. તેમાં બનાસકાંઠા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યાએ ૨૦૧૭ ચુંટણીલક્ષી કાર્યક્રમની દરેક કાર્યકરને સમજ આપી તા.૧૭/૦૧/૨૦૧૭ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે નગરપાલિકાના સફાઈ કામદારોનું સન્માન કરવું, દરેક ગામોમાં દલિત મહોલ્લામાં જઈ ભીમ ગોષ્ઠીના વિચારો રજુ કરવા જણાવ્યું. ડૉ.આંબેડકર અન્ત્યોદય વિકાસ નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડ્યાએ જણાવ્યું હતું

અનુસંધાન પાના નં.૬

# બોલેરો ગાડીમાંથી ટેપ ચોરીને ભાગતો ઝડપાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ભાચર ગામના બબાભાઈ મોહનભાઈ ચૌહાણ શહેરના વિજય બીઝનેશ પાસે શાકભાજીની ખરીદી કરી રહ્યા હતા.દરમ્યાન દસેક ફુટ પાર્ક કરેલી તેમની જીજે.૧૦ એસી ૪૫૯૩ નંબરની બોલેરો ગાડીમાંથી ૧૫૦૦ રૂપીયાના ટેપની ચોરી કરીને એક શખ્સ ભાગતાં તેને બધાએ મળીને ઝડપી લીધો હતો.લોકોએ પુછતાં મો નહી ખોલનાર શખ્સને પોલીસ હવાલે કરાતાં તેનું નામ સદાભાઈ નાથાભાઈ વાલ્મિકી રહે.ગોલવી તા.દિયોદર (હાલ રહે.બિયોક તા.વાવ) હોવાનું જણાવ્યું હતું.પોલીસે તેની સામે ચોરીનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# વખા ગામે નર્મદા યાત્રાનું સ્વાગત

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

રાજ્યમાં યોજાઈ રહેલ નર્મદા મહોત્સવ અંતર્ગત દીઓદર તાલુકામાં ફરી રહેલ નર્મદા યાત્રા વખા ગામે આવતાં ભવ્ય સ્વાગત સરપંચશ્રી અમરતજી ઠાકોર તથા ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ.આ પ્રસંગે આવેલ રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ, દીઓદર તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી,પ્રદીપ સી.શાહ,દિલીપસિંહ વાઘેલા, દિપાજી માળી,દેહળાજી ઠાકોર આદિનું સ્વાગત કરવામાં આવેલ.નાની બાલીકાઓ દ્વારા શ્રીફળ - કળશથી સ્વાગત થયેલ. આ પ્રસંગે ગામના ચંપકલાલ શાહ, દુધ-સેવા મંડળીના ચેરમેનઓ, મંત્રીઓ,ગામના યુવાનો,વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

**નારી અદાલત બનાસકાંઠા**

બનાસકાંઠા જિલ્લાની નારી અદાલતની વિવિધ ઓફિસો માટે ફર્નિચર (તિજોરી) ખરીદી કરવાની હોવાથી ઉત્પાદકો પાસેથી તા. ૧૦/૯/૨૦૧૭ થી તા. ૧૫/૯/૨૦૧૭ સુધીમાં ભાવપત્રકો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે.

૨૪,પાર્થ સોસાયટી, એગોલા રોડ, હનુમાન ટેકરી,
પાલનપુર-૩૮૫૦૦૧ મો.નં. ૭૦૬૯૦૦૯૨૬૦

# માંડલા ગામે મા નર્મદા મહોત્સવ યાત્રાના વધામણાં

પ્રતિનિધિ થરા

મા નર્મદા રથ આજે ચોથા દિવસે કાંકરેજ તાલુકાના નેકારીયા ગામથી શરૂ કરી જાખેલ જોટાડા થઈ માંડલા ગામે પધારેલ જ્યાં ગ્રામજનોએ વાજતે- ગાજતે રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમ ગુજરાતી ફિલ્મના કલાકાર ચંદુ રાવલે હાજર રહી મા નર્મદાના ગીતોની રમઝટ બોલાવી કાર્યક્રમમાં નિખાર લાવી દીધો હતો. સ્વાગત બાદ મા. નર્મદા મૈયા થકી થનાર લાભો તેમજ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલ અવરોધ છતાં સરદાર પટેલનું સ્વપ્નને ૫૬ વર્ષે પરિપૂર્ણ થયેલ છે. જેના ઉપર દરવાજા લગાવવાથી ચાર ગણા પાણીનો સંગ્રહ થશે ને આ પાણીનો લાભ ગુજરાતની જનતાને મળવાનો છે તેમ આગેવાનોએ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, પ્રદેશ કિશાન મોરચા ઉપાધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલા, ડાયાભાઈ પીલીયાતર, સુખદેવસિંહ સોઢા, મફાજી સોલંકી, રમેશભાઈ વાઘડા, બાબુભાઈ પટેલ (કિસાન મો.પ્રમુખ), હંસપુરી ગૌસ્વામી, જશવંતભાઈ રાવળ, રમેશભાઈ જોષી (યુવા મહામંત્રી) ગામના મહામંત્રી કિશોર બી.પ્રજાપતિ, ગામના સરપંચ કરશનભાઈ જોષી, કરશનભાઈ જોષી(શીરવાડા), સરપંચ નારણભાઈ પટેલ, રણછોડભાઈ પટેલ, લાલજીભાઈ પટેલ, ઉમેદરામ જોષી, ભાવાભાઈ ઠાકોર ગામના આચાર્ય શાળા પરિવાર હાજર રહેલ.

**ધી જય અંબે નાગરિક શરાફી સહકારી મંડળી લી., અંબાજી**
ઠે. ભાટવાસ, કોટેજ હોસ્પિટલ રોડ, અંબાજી-૩૮૫૧૧૦, તા. દાંતા (જિ.બ.કાં.)

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી આપણી મંડળીના તમામ સભાસદશ્રીઓને જણાવવાનું કે, મંડળીની વાર્ષિક સાધારણ સભા તા. ૨૫/૦૯/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે એજન્ડા મુજબની કાર્યવાહી કરવા સારૂ નીચે જણાવેલ સમય અને સ્થળે રાખેલ છે. જેમાં તમામ સભાસદોએ હાજર રહેવા વિનંતી છે.

તારીખ : ૨૫/૦૯/૨૦૧૭, સોમવાર
સમય : સવારે ૧૧ - ૦૦ કલાકે
સ્થળ : અખંડાનંદ આશ્રમ, માંગલ્યવનની સામે, મુ. અંબાજી
નોધ : ૧. એજન્ડા મંડળીની ઓફીસ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
૨. પેટા કાયદાની જોગવાઈ અનુસાર સાધારણ સભામાં કોરમ નહિ થાય તો અડધા કલાક પછી સભાનું કોરમ ગણી એજન્ડા મુજબ કામકાજ શરૂ કરવામાં આવશે. જે કાર્યવાહી કાયદેસર ગણાશે.

મેનેજર
વ્યવસ્થાપક કમિટીના આદેશથી

# તંત્રી સ્થાનેથી ...

## મન સત્યથી પવિત્ર બને છે.

## લશ્કરને આધુનિક બનાવવા સજ્જ થતાં નવા સંરક્ષણ મંત્રી

કેન્દ્રની એનડીએ સરકારે દેશના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલાને પૂર્ણ સમયના સંરક્ષણ મંત્રીનો કાર્યભાર સોંપ્યો છે, આ મહિલા સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને ગત ગુરૂવારથી રક્ષા મંત્રાલયની જવાબદારી સંભાળી લીધી છે, આ અગાઉ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ વર્ષ ૧૯૭૫ માં ૩૦ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર (૨૦ દિવસ) માટે સંરક્ષણ મંત્રી તરીકે જવાબદારી નિભાવી હતી. સંરક્ષણ મંત્રીનો હોદ્દો ખુબ જ જવાબદારીપૂર્વકનો હોદ્દો છે. લશ્કરના જવાનો પાસે અત્યાધુનિક હથિયારોનો કેટલો જથ્થો છે અને નવા શસ્ત્રો ક્યાંથી ખરીદ કરવાના છે તે તમામ બાબત સંરક્ષણ મંત્રાલય સંભાળે છે અને વધારાનો સ્ટોક ક્યાં ગુપ્ત રીતે રાખવો તે બાબતની તમામ જાણકારી સંરક્ષણ મંત્રીના શિરે હોય છે. કેન્દ્રમાં ભાજપના વડપણ હેઠળની મોદી સરકારનું ગત રવિવારે વિસ્તરણ કરવામાં આવેલ.

અગાઉ નાણાંમંત્રી જેટલી પાસે  સંરક્ષણ મંત્રાલયનો હવાલો હતો. જે  તેમણે જાપાનના પ્રયાસેથી આવ્યા પછી દેશના નવા સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામનને સોંપ્યો હતો.

એક હકીકત છે કે આપણા નવા દરેક કાર્યમાં ધાર્મિક ભાવના સમાયેલી છે. કોઈ પણ કાર્યનો શુભારંભ કરવો હોય તો ઈશ્વરની પૂજા અર્ચના સિવાય તે કાર્ય થઈ શકે નહિં. તે જ પ્રમાણે નિર્મલા સીતારામને ભગવાનની પૂજા કરવા એક પૂજારીને તેમની કેબિનમાં બોલાવ્યા હતા અને પૂજા અર્ચના કરીને જ સંરક્ષણ મંત્રીની ખુરશી સંભાળી હતી.

સીતારામને લશ્કરને આધુનિક બનાવવાની સંરક્ષણ સોદાના ઝડપી અમલની અને ઉત્સાહમાં ‘મેક ઈન ઈન્ડિયા’ પર ખાસ ભાર મુક્યો હતો.

સંરક્ષણ મંત્રાલયમાં કેટલાક લાંબા સમયથી પેન્ડિંગ રહેલા મુદ્દા ઉકેલવા પર સીતારામને ભાર મુક્યો હતો. વળી આશ્ચર્યની વાત એ છે કે સંરક્ષણ મંત્રીનો હવાલો સંભાળ્યા પછી સૌ પહેલાં નિર્મલા સીતારામને પૂર્વ સૈનિકો, વિધવાઓ અને આશ્રિત સૈનિકોને અનુદાન આપવાની જાહેરાત પણ કરી છે. તેમણે ૮.૬૮૫ પૂર્વ સૈનિકો તેમની વિધવાઓ તેમજ આશ્રિત સૈનિકોને આર્મ્ડ ફોર્સિસ ફલેગ ફેડમાંથી રૂા. ૧૩ કરોડથી વધુ નાણાં સહાય જાહેર કરવાનું પગલું આવકાર્ય ગણી શકાય.

જો કે લશ્કરી જવાનોના વર્ષોથી અટવાયેલા પ્રશ્નોને ક્રમાનુસાર ઉકેલવામાં આવે તે જરૂરી છે. દેશની ત્રણે પાંખોના જવાનો પોતાની ફરજ ચોકક્સ પણ નિભાવી રહ્યા છે ત્યારે તેમના પ્રશ્નોને ઝડપથી વાચા મળે તે અત્યંત જરૂરી માની શકાય. ત્યારે હવે જવાનો માટે આવાસ નીતિને ઝડપથી લીલી ઝંડી ફરકાવવામાં આવે તો દેશના જવાનોને રાહત થઈ શકે. આજે દેશમાં તમામ સ્તરના સામાન્ય લોકો માટે આવાસ યોજના પ્રસ્તુત કરવામાં આવી છે. પરંતુ સદર યોજનામાં કોઈ પણ જાતની ગેરરીતિ ચાલી શકશે નહિં..

દેશની સુરક્ષા માટે લશ્કરના આધુનિકીકરણ અને સુસજ્જતા પર વધુ ધ્યાન આપવામાં આવશે તેવુ એક વક્તવ્યમાં સીતારામને જણાવેલ છે. તેમણે કેન્દ્રીય પોલીસ દળને જરૂરી સાધનસામગ્રી આપવાના કાર્યક્રમમાં હાજરી આપી હતી. જેમાં ગૃહમંત્રી રાજનાથસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને આ કાર્યક્રમમાં પણ મેક ઈન ઈન્ડિયા પર ખાસ ભાર મુક્યો હતો. તેમણે હોદ્દો સંભાળ્યા પછી સંરક્ષણ મંત્રાલય સોશિયલ ફ્રેન્ડલી થયું હતું. ત્યારે હવે તેઓ સંરક્ષણ વિભાગના અન્ય ખાતાઓનો પણ પરિચય લેનાર છે.

## સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર ’યહ ઉન દિનો કિબાત હૈ’ વડે ૯૦ ના દશકાને રીવાઈન્ડ, રીલીવ અને પાછો લાવવામાં આવે છ

માત્ર સોની એન્ટર ટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર૯૦ ના દશકાના યુગને બેશકપણે સુવર્ણકાળ કહેવામાં આવે છે,તે સમયે જન્મેલા મોટા ભાઘના લોકોએ જોયુ છે કે તેતેમના જીવનોનો શ્રેષ્ઠ સમય રહ્યો છે! આ યુગ તે આખાદેશભરમાં ઘણી બધી ક્ષણો અને ઘટનાઓ માટે નમૂનારૂપહતો. આખા દેશભરમાં પોપ કલ્ચરને અસર આપવાથી લઈનેચોકલેટ બોયની છાપ ઉભી કરવા માટેનો રસ્તો તૈયાર કરેછે, જેનું શ્રેય જાય છે ૩ બોલિવુડના ખાન બંધુઓને કેજેઓ આજે પણ લોકોના હદયો અને બોક્ષઓફિસો ઉપરરાજ કરી રહ્યા છે. એ. આર. રહેમાન સંગીતની વ્યાખ્યા નવેસરથીઆપીને અને કાંતિ લાવીને એક મોટુ વાવાઝોડુ લઈ આવેછે ત્યાંથી લઈને ૯૦ ના દશકાના ઉંચી કમરવાળા જીન્સન ક્રોપટોપ્સ, હૂપ ઈઅર રીંગ્સ અને વેજીસને દરેક ફેશનપ્રિય વ્યક્તિમાટે જૂની ફેશનને પાછી લાવવા સુધીની વાત છે. ૯૦ નોદશકો ખરેખર દરેક રીતે યાદગાર અને નોંધપાત્ર હતો.તેથી ચાલો તે યુગની જાદુઈ ક્ષણોને સોનીએન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને શશી સુમિત પ્રોડક્ષનનીરજૂઆત સાથે ’યહ ઉન દિનો કિ બાત હૈ’ શો વડે રીવાઈન્ડકરીએ, રીલીવ કરીએ અને પાછો લાવીએ કે જે શો ને ૯૦ નાદશકામાં સેટ કરવામાં આવ્યો છે જે ૫ મી સપ્ટેમ્બરથી રાત્રે૧૦:૩૦ કલાકે પ્રસારીત થવાનો છે.આ દશકો કે જે જાણે એવો અહેસાસ કરાવે છે કે જણે ગઈ કાલેરોમાન્સની ઉજવણી કરવામાં આવી હતી અને સૌથી વધુ પકડિરાખનારી અને પહેલા કયારેય ન બની હોય તેવી ૯૦ ના દશકાની વિજયવંત વાર્તા રજૂ કરે છે. અમદાવાદનાબેકડ્રોપમાં સેટ કરાયેલી, ’ યહ ઉન દિનો કિ બાત હૈ’ કે જેનયના- એક સંયમી, બુધ્ધિશાળી અને નિડર છોકરી( કે જેનેઅશી સિંઘ દ્વારા ભજવવામાં આવ્યુ છે) અને સમીર- એક વિશાળ હદયનો, જાજરમાન અને જિદ્દિ છોકરો ( કે જેને રનદિપ રાય દ્વારા ભજવવામાં આવ્યુ છે) તેની જુની પ્રેમ કહાણી છે. સમયસાથે, તેમાં સ્માર્ટફોનનો ઝલક પણ નથી, તે ટીનએજ પ્રેમની અભિવ્યક્તિ છે, બધી જ નિર્દોષતા, બિનઅનુભવ અને આતુરતા સહિત. આ બે યુવાનો -નૈના અને સમીરના દૈનિક ક્ષણોની મુસાફરીનુ બારીકાઈથી એક વિવરણ. શશી સુમિત પ્રોડક્ષન સર્જનાત્મક સ્ટોરીટેલર છે તેમણે ભારતિય દર્શકોને ઘણા બધા સફળ શો આપ્યા છે જેમાં ભારતિય મૂલ્યો, પરંપરા અને સંસ્કૃતિ બતાવવામાં આવી છે.

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

**ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ**

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in

**નિખિલ ભટ્ટ**

Research Analyst - SEBI

+91 99793 80808

# કોલમનું ટાઇટલ :- શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી...!! નફો બુક કરો ...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૧૧.૦૯.૨૦૧૭ થી ૧૫.૦૯.૨૦૧૭ :

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહે નોર્થ કોરિયા દ્વારા વૈશ્વિક ચેતવણી છતાં પોતાના અણુ પ્રોગ્રામને આગળ વધારતાં રહીને અંતેઅણુ-હાઈડ્રોજન બોંબનું પરીક્ષણ કરાતાં વધેલી વૈશ્વિક ચિંતાએ વૈશ્વિક શેરબજારોમાં સાવચેતીમાં સતતનરમાઈ રહી હતી. નોર્થ કોરિયાના જોખમ સાથે જર્મનીના મેન્યુફેકચરીંગ આંકડા નબળા આવતાં અને ઈરમા-હેરીકેન-૫ તોફાન અમેરિકા તરફ આગળ વધ્યાના અહેવાલે આંતરરાષ્ટ્રીય બજારોમાં નરમાઈ રહી હતી. આ સાથેક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ અમેરિકામાં રીફાઈનીંગ ફરી શરૂ થઈ જતાં ક્રુડ ઓઈલના ભાવ વધીને બ્રેન્ટક્રુડના બેરલ દીઠ ૫૪ ડોલરની સપાટી કુદાવી ચાર સપ્તાહની ઊંચાઈએ પહોંચી ગયા હતા.મિત્રો, વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારોમાં પણ વિદેશી ફંડો તેમજ હાઈ નેટવર્થ ધરાવતા ઈન્વેસ્ટરોએઉછાળે ઈન્ડેક્સ બેઝડ સ્ટોકમાં તેજીનો વેપાર હળવો કર્યો હતો. નોર્થ કોરિયાના નેગેટીવ પરિબળ સાથે સાથે ઘરઆંગણે ભારતનો ઓગસ્ટ ૨૦૧૭ મહિનાનો સર્વિસિઝ પીએમઆઈ આંક ઘટીને નેગેટીવ જાહેર થતાં અનેદેશમાં આઈટી-સોફટવેર સર્વિસિઝ ક્ષેત્રે આગામી દિવસોમાં કર્મચારીઓની મોટી સંખ્યામાં છટણી થવાનાજોખમના અહેવાલે તેમજ રૂપિયા સામે અમેરિકી ડોલર જે મજબૂતી બાદ અંતે નબળો પડતાં આઈટી શેરોમાંવેચવાલી સાથે ફંડો વધુ હળવા થયા હતા. એફએમસીજી જાયન્ટ આઈટીસી પાછળ મોટું ઓફલોડિંગ થતાં અનેફાર્મા, કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં ફંડોએ હળવા થવાનું પસંદ કર્યું હતું પરંતુ હકારાત્મક વાસ્તવિક વ્યાજદર અનેવૃદ્ધિની વધુ સારી સંભાવનાને કારણે મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસે ઓગસ્ટમાં અંદાજીત રૂ.૧૬,૫૦૦ કરોડનાશેરોની દરેક ઘટાડે ખરીદી કરી હતી જે એક મહિનામાં અત્યાર સુધીનું સૌથી ઊંચું ઈક્વિટી રોકાણ કહેવાય. ફિઝિકલ એસેટમાં થતી બચતો હવે ફાઈનાન્શિયલ એસેટમાં આવી રહી હોવાથી નાણાપ્રવાહને સપોર્ટ મળ્યોહતો.જૂન ક્વાર્ટરના કોર્પોરેટ અર્નિંગથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ ઊંચકાયું ન હતું પરંતુ બજાર તેની અપેક્ષામાંઘટાડો કરી રહ્યું છે. કોર્પોરેટ અર્નિંગમાં રિકવરી છેલ્લાં ત્રણ વર્ષથી દૂર ભાગી રહી હતી અને જીએસટી અનેનોટબંધી જેવા કામચલાઉ અવરોધ સાથે કોર્પોરેટ અર્નિંગ રિકવરીમાં વધુ છ મહિના લાગી શકે તેમ છે મિત્રોઆછ મહિના બાદ આપણને કદાચ અર્નિંગમાં રિકવરી જોવા મળી શકે છે. સરકારના ખર્ચથી ચાલુ વર્ષના બીજાછ મહિનામાં કોર્પોરેટ અર્નિંગમાં સુધારો કરવામાં મદદ મળવાની ધારણા હતી અને સરકારી બેન્કોમાંમૂડીધોવાણની સ્થિતિથી અર્થતંત્રને નુકસાન થઈ રહ્યું હતું. રોકાણકારોની નજરમાં રાખી શકાય તેવા શેરોમાંકન્ઝ્મ્પશન, એગ્રી અને ગ્રામીણલક્ષી કંપનીઓનો સમાવેશ થાય છે. રોકાણકારોએ આ ક્ષેત્રની કંપનીઓનાઅર્નિંગમાં સંભાવનાનો અભ્યાસ કરવો જોઈએ અને નજીકના ગાળામાં કરેક્શન આવે તો આ કંપનીઓમાં રોકાણ કરવું જોઈએ. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ના નાણાપ્રવાહમાં તાજેતરના ઘટાડા માટેઢરેલ્યુએશનની ચિંતા તથા મિડ-કેપ અને સ્મોલ-કેપ ક્ષેત્રમાં તેમની ભાગીદારીનો અભાવ હતો. ગત સપ્તાહે નિફ્ટીના અંદાજીત ૯૯૦૦ અને ૯૮૦૦ પોઈન્ટના સ્ટ્રાઈક ભાવ આસપાસ ઓપન ઈન્ટરેસ્ટમાં વધારો થયો હતો જે દર્શાવે છે કે આ રેન્જમાં સારો સપોર્ટ બન્યો હતો. કોલ ઓપ્શન હજુ પણ સિંગલ ડિજિટ ઈમ્પ્લાઈડવોલેટિલિટીએ ટ્રેડ થઈ રહ્યા હતા, અને સપ્ટેમ્બર સિરીઝમાં નિફ્ટીનું રોલઓવર છેલ્લા ત્રણ મહિનાના સરેરાશરોલઓવર કરતાં ઘણું નીચું રહ્યું હતું તેનાથી નિફ્ટીની ઓપન ઈન્ટરેસ્ટ વર્ષ ૨૦૧૭ પછીની સૌથી નીચી સપાટીએ છે. જો નિફ્ટી અંદાજીત ૯૮૨૫ પોઈન્ટની રાઈઝિંગ ટ્રેન્ડલાઈન કરતાં ઊંચા સ્તરે ટ્રેડ થઈ રહ્યો છેત્યાં સુધી લોંગ પોઝિશન જાળવી રાખી શકાય છે. એવા કોઈ સ્ટ્રક્ચર ટ્રિગર નથી કે જેથી બજારમાં કોઈ પણ દિશામાં મોટી મૂવમેન્ટ જોવા મળે.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, વિદેશી ફંડોએ શેરબજારમાં ઓગસ્ટમાં છેલ્લા આઠ મહિનામાં સૌથી વધુ માસિક વેચવાલી કરી હતી. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ)એ ઓગસ્ટમાં અત્યાર સુધી ભારતના ઈક્વિટી માર્કેટ્સમાંથી અંદાજીતરૂ.૧૫,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. એપ્રિલ પછીથી એફપીઆઈની માસિક ધોરણે આ પ્રથમ વેચવાલી છેઅને તે ગયા વર્ષના નવેમ્બર પછીથી સૌથી વધુ છે તેમજ ભૂરાજકીય જોખમ અને અને કોર્પોરેટ અર્નિંગમાંનિરાશાને કારણે વિદેશી ફંડ્સ સાવચેત બન્યા છે.ઓગસ્ટમાં અંદાજીત રૂ.૧૫,૦૦૦ કરોડના રોકાણ સાથે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોએ એફપીઆઈને પાછળ રાખી લીધા છે પરંતુ સ્ટ્રેટેજિસ્ટ્સ જણાવે છે કે એફપી આઈના નાણાપ્રવાહના સંદર્ભમાં આગામી મહિનામાં વધુ નરમાઈ જોવા મળી શકે તેમ છે કારણ કે તેઓ કોર્પોરેટ અર્નિંગમાંરિકવરીની રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં વૈશ્વિક બજારમાં જોખમમાં વધારો થયો છે. આની સાથે પ્રથમ ક્વાર્ટરનારિઝલ્ટ નબળા રહ્યા છે અને બજારનું વેલ્યુએશન ઊંચું છે. જીએસટીના અમલને કારણે કંપનીઓના પ્રથમ ક્વાર્ટરના રિઝલ્ટને અસર થઈ છે. વિદેશી રોકાણકારો માટે ભારત માટે વધુ મૂડીની ફાળવણી કરતાં પહેલાં અર્નિંગ ગ્રોથ જોવામાંગે છે તેથી આગામી થોડો મહિનામાં તેમના નાણાપ્રવાહમાં નરમાઈ જોવા મળી શકે છે.ભારતના બજારના મુખ્યસૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં ચાલુ વર્ષે અત્યાર સુધી અનુક્રમે અંદાજીત ૧૮% અને ૧૯.૭%નો વધારો થયોછે.ઓગસ્ટમાં વિદેશી આઉટફ્લોના સંદર્ભમાં બીજા ઊભરતાં બજારોની સરખામણીમાં ભારતે નબળો દેખાવ પણકર્યો છે. બ્લૂમબર્ગના ડેટા મુજબ આ મહિના સુધીમાં ભારતમાં અંદાજીત ૧.૯ અબજ ડોલરનો આઉટફ્લો જોવામળ્યો હતો.દક્ષિણ કોરિયાના બજારમાં વિદેશી રોકાણકારોએ ૧.૩૩ અબજ ડોલર પાછા ખેંચી લીધા હતા.તાઈવાન, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડમાં ઓગસ્ટ દરમિયાન ૨૦૧ મિલિયનથી ૪૪૨ મિલિયન ડોલરનોઆઉટફ્લો જોવા મળ્યો છે તેમજ ભૂરાજકીય જોખમથી વિદેશી નાણાપ્રવાહને નેગેટિવ અસર થઈ છે. છેલ્લાં બે સપ્તાહમાં ઊભરતાં બજારોમાં છેલ્લા બેથી ત્રણ મહિનાનો સૌથી વધુ આઉટફ્લો જોવા મળ્યો છે. ભારતમાં વિદેશી રોકાણકારોના કામકાજનો આધાર સેન્ટ્રલ બેન્કોનાં પગલાં અને નોર્થ કોરિયા અંગેની તંગદિલી કેવો વળાંકલેશે તેના પર છે. વૈશ્વિક રોકાણકારો વિશ્વની સેન્ટ્રલ બેન્કોની બેઠક પર નજર રાખી રહ્યા છે. યુરોપિયન સેન્ટ્રલબેન્ક નાણાનીતિની સમીક્ષા કરશે. અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્ક તા ૧૯થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન બે દિવસનીબેઠક યોજશે અને નાણાપ્રવાહ કેવો રહેશે તેની આગાહી કરવાનું મુશ્કેલ છે પરંતુ દરેક ઘટનાક્રમની સમીક્ષા કરવીજરૂરી છે. ભૂ-રાજકીય જોખમ આવી પ્રથમ ગતિવિધિ છે.મિત્રો, ટ્રેડરોએ ફેડ અને ઈસીબીની બેઠક પર પણ નજરરાખવી જોઈએ.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૧૩૨૫.૨૮ કરોડની વેચવાલી, જાન્યુઆરી ૨૦૧૭ અંદાજીતરૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૪૬૪.૮૫ કરોડની વેચવાલી,૩૧ ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૫,૯૯૫.૬૩ કરોડની વેચવાલી, ૬ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૩૪૩૮.૯૦ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૯૧૩૬.૦૯ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીતરૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડનીખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ. ૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી ,૩૧ ઓગસ્ટ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૦૫.૨૨ કરોડની ખરીદી, ૬ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૨૦૮.૫૫ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, આગામી સપ્તાહે વૈશ્વિક સંકેતો ઉપરાંત દેશનો આર્થિક વૃદ્ધિદર વધારવા માટેના સરકારના પ્રયાસો અનેનોન પરફોર્મિંગ એસેટ્સના પ્રશ્નોનો ઉકેલ માટેની કામગીરી જેવા પરિબળો ભારતીય ઈક્વિટી માર્કેટ પર તેનોપ્રભાવ પાડશે. અમેરિકન ડોલર સામે રૂપિયાની ચાલ ઉપરાંત, વિદેશી ભંડોળના પ્રવાહની દિશા પણ શેરબજારનીચાલ પર અસર કરે તેવી શક્યતા છે તેમજ આગામી સપ્તાહે ઈક્વિટી માર્કેટ રેન્જ બાઉન્ડ રહેવાની ધારણા છે. મારા મતે બજારમાં સ્ટોક સ્પેસિફિક મુવમેન્ટની શક્યતા છે. જો કે રોકાણકારો ભૂ-રાજકીય તણાવ જેવા વૈશ્વિકપરિબળો પર નજર રાખે તેવી શક્યતા છે. ઘરઆંગણે દ્રૅછના મુદ્દે સરકારની કામગીરી, ગગડી ગયેલા જીડીપીમાંફરી ચેતના લાવવાના સરકારના પ્રયાસો પર રોકાણકારોની નજર રહેશે. નકારાત્મક મેક્રો ડેટા વચ્ચે પણ સ્થાનિકસંસ્થાઓનું મૂડીરોકાણ ઈક્વિટી માર્કેટમાં જારી રહેવાની સંભાવના છે. રૂપિયો મજબૂત બન્યો હોવાથી IT તેમજફાર્મા જેવા નિકાસલક્ષી એકમોની કામગીરી પર પ્રતિકૂળ અસર જોવા મળે તેવી શક્યતા છે.વાર્ષિક ધોરણે અમેરિકનડોલરની સરખામણીમાં રૂપિયાના મૂલ્યમાં ૭.૨% નો નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.જો કે રૂપિયો મજબૂતથતાં આયાત કરતી કંપનીઓને લાભ થશે અને ફુગાવો પણ નીચો રહેશે. રૂપિયાની મજબૂતીથી સોફ્ટવેર, ફાર્મા,ઓટો મોબાઈલ, ટેક્સટાઈલ ઉદ્યોગ પર પ્રતિકૂળ અસર થવાની સંભાવના છે અને કરન્સીની ઉથલ-પાથલ આ કંપનીઓના ગાઈડન્સ, શેરદીઠ કમાણી અને છેલ્લે તેના શેરોના ભાવ પર અસર કરશે. અમેરિકન ડોલર - ભારતીયરૂપિયો સાંકડી વધઘટ વચ્ચે અથડાઈ રહ્યા છે. ચીન સાથે ડોકલામ મડાગાંઠના ઉકેલ અને શેરમાર્કેટમાં પોઝિટિવટ્રેન્ડને પગલે ડોલર સામે રૂપિયામાં મજબૂતી જોવા મળી છે. વિદેશી રોકાણ પરત ખેંચાયા બાદ પણ વિદેશી સંસ્થાગત રોકાણકારોના વલણ પર ખાસ નજર રહેશે. **NSDL**ના સત્તાવાર આંકડા અનુસાર ઓગસ્ટ મહિનામાંફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (**FPIs**) ભારતીય ઈક્વિટી માર્કેટકમાંથી કુલ અંદાજીત રૂ. ૧૪,૦૭૦૯.૬૮ કરોડઅર્થાત ૨.૨૯ અબજ ડોલરનું મૂડીરોકાણ પરત ખેંચી લીધું હતું. મિત્રો, મારા મતે નિફ્ટી ફ્યુચર અંદાજીત ૯૬૭૦ પોઈન્ટ ઉપર સ્ટ્રોંગ સપોર્ટ ધરાવે છે આ લેવલથી બજાર તેજી તરફી આગેકુચ કરશે તેવી શક્યતા છે પણ જો અંદાજીત ૯૬૭૦ પોઈન્ટની મહત્વના ટેકાની સપાટી તૂટશે તો તેમ ઘટાડાની સંભાવના છે.ખેર, મિત્રો દરેક ઘટાડે તબક્કાવારની ખરીદી અને દરેક ઉછાળે તબક્કાવાર નફો બુક કરતા રહેશો.....!! યાદ રાખો....તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર....!!!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત .....શેરબજારની રુખ ....!!!!



| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 14.08.2017 TO 18.08.2017 | 9741.05 | 9778.25 | 9940.00 | 9776.70 | 9849.70 | 108.65 |
| 21.08.2017 TO 24.08.2017 | 9854.40 | 9869.95 | 9889.50 | 9755.00 | 9880.00 | 25.60 |
| 28.08.2017 TO 01.09.2017 | 9873.25 | 9905.75 | 10017.85 | 9782.70 | 10003.90 | 130.65 |
| 04.09.2017 TO 08.09.2017 | 10007.30 | 10009.00 | 10009.00 | 9887.00 | 9946.20 | -61.10 |



| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 14.08.2017 TO 18.08.2017 | 24085.60 | 24160.00 | 24520.00 | 23933.05 | 24094.50 | 8.90 |
| 21.08.2017 TO 24.08.2017 | 24097.00 | 24137.85 | 24400.00 | 23882.10 | 24330.00 | 233.00 |
| 28.08.2017 TO 01.09.2017 | 24330.30 | 24381.00 | 24528.00 | 24083.10 | 24483.35 | 153.05 |
| 04.09.2017 TO 08.09.2017 | 24483.45 | 24461.90 | 24473.00 | 24197.45 | 24370.00 | -113.45 |

**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૦૪/૦૯/૨૦૧૭ ના રોજ ૧૦૦૦૯ પોઈન્ટ ખુલીને ૯૮૮૭ પોઈન્ટના નીચા મથાળેથી૧૦૦૦૯ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૨૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૬૧ પોઈન્ટના ઘટાડે ૯૯૪૬ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૦૪/૦૯/૨૦૧૭ ના રોજ ૨૪૪૬૧ પોઈન્ટ ખુલીને ૨૪૧૯૭ પોઈન્ટના નીચા મથાળેથી૨૪૪૭૩ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૭૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૧૩ પોઈન્ટના ઘટાડે ૨૪૩૭૦ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ ( ૯૯૪૬)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૯૯ પોઈન્ટના પ્રથમ અને૧૦૦૪૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૯૯૦૩ પોઈન્ટથી ૯૮૬૧ પોઈન્ટ, ૯૮૦૮પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૦૪૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ( ૨૪૩૭૦)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૧૧૦ પોઈન્ટના પ્રથમઅને ૨૪૦૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૪૪૭૦ પોઈન્ટથી ૨૪૫૦૫ પોઈન્ટ,૨૪૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ફ્યુચર રોકાણ સંદર્ભે સ્ક્રીપો ધ્યાને લઈએ તા

૧) તાતા સ્ટીલ ( ૬૫૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૩૦ ના પ્રથમ સપોર્ટ થીખરીદવાલાયક રૂ.૬૭૭ થી રૂ.૬૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) ગ્લેનમાર્ક ફાર્મા ( ૫૮૦ ) :- આ સ્ટોક રૂ.૫૬૭ નો પ્રથમ તેમજ રૂ.૫૫૬ ના બીજો અતિ મહત્વનો સપોર્ટધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૬૦૩ થી રૂ.૬૧૩ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) **ACC** લિમિટેડ ( ૧૭૯૪ ) :- ૪૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૭૭૧ નો પ્રથમ તેમજ રૂ.૧૭૫૭ નાસ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ. ૧૮૦૮ થી રૂ.૧૮૧૮ સુધીનાભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) **HDFC** લિ. ( ૧૭૮૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૦૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૧૮ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૭૬૭ થી રૂ.૧૭૫૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૭૧૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) લાર્સેન ( ૧૧૭૩ ) :- રૂ.૧૧૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ. ૧૨૦૩ નાસ્ટોપલોસે વેચવા લાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૧૫૬ થી રૂ.૧૧૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૦૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક ૧૧.૦૯.૨૦૧૭ થી ૧૫.૦૯.૨૦૧૭ સુધી રોકાણ અર્થે સ્ટોક......

૧) **GTPL** હાથવે ( ૧૩૩ ) :- ટેલિકોમ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૬આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૭ થીરૂ.૧૫૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૫૬ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) **SREI** ઈન્ફ્રા ફાઈના ( ૧૧૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!!રૂ.૯૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૪ થી રૂ.૧૩૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) માવના સુગર ( ૧૩૭ ) :- રૂ.૧૨૬ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષીઆ સ્ટોક રૂ.૧૫૧ થી રૂ.૧૬૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) બોમ્બે ડાઈંગ ( ૧૫૫ ) :- ટેક્ષટાઈલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૧ થી રૂ.૧૮૦ નાભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૪૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ટોરેન્ટ પાવર ( ૨૧૬ ) :- રૂ.૨૦૩ નો પ્રથમ તેમજ રૂ.૧૯૧ ના સ્ટોગ સપોર્ટથી પાવર સેક્ટરનોરોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૩૩ થી રૂ.૨૪૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) ડેલ્ટા કોર્પોરેશન ( ૧૮૮ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૭૬ આસપાસનાસપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૦૩ થી રૂ.૨૧૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) **AGC** નેટવર્ક ( ૧૧૦ ) :- સોફ્ટવેર સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક ટ્રેડીંગ સંદર્ભે રૂ.૧૦૧ નાસ્ટોપલોસથી ખરીદવાલાયક ....!! તેજી તરફી ઉછાળે રૂ.૧૨૪ થી રૂ.૧૩૧ ના ભાવ આસપાસ નફો બુકકરવો....!!

૮) ટીનપ્લેટ ( ૧૮૧ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૬૪ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીતરૂ.૧૯૬ થી રૂ.૨૦૭ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૯) સુબ્રોસ ( ૨૫૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૩૩ આસપાસ રોકાણકારેરૂ.૨૬૪ થી રૂ.૨૭૫ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૨૨૭ સ્ટોપલોસધ્યાને લેવો...!!

૧૦) આશિયાના હાઉસિંગ ( ૧૮૧ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૬૭ ના સ્ટ્રોંગ સ્ટોપલોસેસાપ્તાહિક અંદાજીત રૂ.૧૯૩ થી રૂ.૨૦૩ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) જીન્દાલ હોટેલ ( ૫૧ ) :- હોટેલ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૫૭ થી રૂ.૬૫ ના ભાવની સંભાવનાધરાવે છે...!! રૂ.૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) થિરૂ સુગર ( ૬૦ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે સુગર સેક્ટરનાં આ સ્ટોકને રૂ. ૫૪ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૬૬ થી રૂ.૭૨ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) પ્રાઈમ સિક્યોરિટી ( ૩૬ ) :- રૂ.૩૧ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક ત્રિમાસિક રોકાણ અર્થે ઝડપી ઉછાળાનીશક્યતા ધરાવે છે.... રૂ.૨૭ નો સ્ટ્રોંગ સપોર્ટ અતિ જરૂરી.....!!

૪) આરવે ડેનિમ ( ૫૫ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧ નો પ્રથમ તેમજ રૂ.૪૬ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ટેક્ષટાઈલ સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૬૨ થી રૂ.૭૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૫) **DCW** ( ૪૦ ) :- રૂ.૩૭ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૪ થી રૂ.૫૨ નો ભાવ દર્શાવે તેવીસંભાવના છે....!! રૂ.૫૩ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**બોટમ લાઈન :- નિફ્ટી ફ્યુચર રેન્જ ૯૯૩૦ થી ૧૦૧૧૭ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

રસ માધુરી
★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

**દુનિયા કેવી છે ?**

શિક્ષક : બોલ મનુ આ દુનિયા ગોળ છેકે ચોરસ ?

મનુઃ સાહેબ આ દુનિયા ગોળ પણ નથી કે ચોરસ પણ નથી. દુનિયા ચારસો વીસ છે.

૦૦

**દુધ ફાટી ગયું**

મમ્મી : અરે જનક આ દુધ તેં કયાંથી લાવ્યું હતું જોને ગરમ કરતાં ફાટી ગયું.

જનક :મમ્મી જરાય ચિંતા ન કરીશ. હું હાલ જ દરજી પાસે જઈ સંધાવી આવું છું.

૦૦૦

**મને જણાવી દેજો**

પિતા તેના પુત્ર વીનુને કહેવા લાગ્યા, ‘અલ્યા વિનુ તારી મમ્મી ઘેર નથી. મારે વહેલા બહારગામ જવાનું છે તો મને છ વાગે જગાડજે..’

વીનુ : મને ઘડીયાળ જોતાં નથી આવડતું.. છ વાગે એટલે મને જણાવી દેજો.. હું તમને ચોક્કસ જગાડીશ..

૦૦૦

**ફાટેલી નોટ**

પશાકાકા મનીઓર્ડર કરવા આવ્યા. પોસ્ટ ઓફિસનો કલાર્ક બોલ્યો, ‘પશાકાકા આ દશની નોટ બીજી આપો આ નોટ ફાટેલી છે..’

પશાકાકા બોલ્યા, ‘હું આ નોટ મારા દિકરાને મોકલું છું તે ફાટેલી હશે તો પણ લઈ લેશે પછી તમને શું વાંધો છે ?’

૦૦૦

# ટરી બે-બેટરી

**કંઈક નરમ કંઈક ગરમ** **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

ટરી બે-બેટરી

બેટરી શબ્દથી આપણે પરીચિત છીએ. બેટરી શબ્દ આવે કે કયાંક ગોળ ઘના કાર.. કયાંક ચોરસ કે કયાંક સમચોરસ નજરે ચડી જાય. એ સાથે બેટરી સાવ નાની અને મોટી મસ.. પણ એ શક્તિનું ઉર્જાનું કેન્દ્ર મનાયછે પણ એ ડાઉન થઈ.. તો માણસ હોય તો માણસ અને સાધન હોય તો સાધન ગયું જાણવું. એ બેટરી એક જમાનામાં ચશ્મા પહેરનારને કહેવામાં આવતી. ચશ્માધારી છોકરો કે છોકરી એને કહેવાતું.. બેટરી આઈ બેટરી આવ્યો.. કહીને ચીડવવામાં આવતો. .આજે બેટરી વિશાળ અર્થમાં આવી ગઈ છે. આજે ચશ્મા પહેરનારા કે પહેરનારાઓની એક ફેશન ચાલે છે. ચશ્મા પહેરનારો બુધ્ધિશાળી મનાય છે. જો કે એ સાથે એને કોઈ બેટરી કહીને ચીડવતું ખીજવતું નથી. ઉલટાનો પહેરનારો એક રોલો પાડે છે.

એ બેટરીએ આજે દિશા બદલી છે. લોકોના ચહેરા પરથી બીજે પહોંચી છે. બીજા સાધનોમાં ગઈ છે. તમારા ઘરના ઘણા સાધનો હશે જેના મુળીયાં બેટરીમાં આવતા હશે.જો એને દુર કરવામાં આવે તો રાણુંધળ થઈ જાય. સવારના પહોરમાં ઉઠયા કે દાતણપાણી.. સોરી હવે દાતણની જગ્યા બ્રશે લીધી છે. બ્રશ કર્યા પહેલાં જે મોબાઈલને ચાર્જમાં મુકવો પડે છે. અર્થાત બેટરીને ચાર્જીંગમાં મુકવી પડે છે.. જો ચાર્જીંગ ન કરીએ તો શું થાય છે એનો સૌને એક અનુભવ છે. ખિસ્સામાં એક વાર નાણાં ઓછા હશે અને નહીં હોય તો ચાલશે.. દોડશે કોઈના પાસેથી સવારમાં ઉછીના પાછીના કરજો પણ બેટરી ચાર્જીંગ તો જોઈએ જ.. બેટરી જો ફુલ હશે તો પગ ફુલફટાક દોડશે.. પણ મોબાઈલમાં જતા બેટરી માત્ર દશ જ હશે કે પંદર પોઈન્ટહશે તો પત્યું. એમાંય કોઈ ખાસ ને ફોન કરવાનો હોય અને પોઈન્ટ ઓછા હોય તો પત્યું..

એટલે હવે ખબર પડી હશે કે બેટરીનું મહત્વ કેટલું છે અને મોબાઈલમાં બેટરી ઉતરી ગઈ. ડાઉન થઈ ગઈ તો ગયું..ે દિવસ બગડી શકે છે. ઓફિસમાં જઈને એક એકને પુછવું પડે છે. .ચાર્જર છે..

છે.. કંઈ કંપનીનું ?

અને તમારી કંપનીનું અને સામેવાળાનું ચાર્જર અલગ હોય તો શું કરવાનું ? એટલે સવારના પહોરમાં ઉઠો કે પહેલા મોબાઈલને ચાર્જ કરવાનું રાખે છે એ ચાર્જ થયેલ હશે તો નંદ ઘેર આનંદ ભયો..

મારા સાહેબે મને હમણાં પુછેલું..મિસ્ટર બારોટ.. સવારના પહોરમાં તમે ઉઠો એવું શું કરો છો ? સાહેબનો ઈરાદો મનમાં એક કલ્પના હતી કે બારોટ પ્રભાતે ઉઠીને પત્ની રેણુકાનું મોં જોઈને ગુલામીની મસમોટી સાંકળમાં જકડાઈ જતા હશે. એમની એક કલ્પના હતી પણ પણ હું આઝાદીની આબોહવામાં શ્વાસ લઉં છું.. દેશ આઝાદ થયાની પાકી ખબર છે.. જ્યાં મારી ઓફિસના બોસની ગુલામી કરતા નથી ત્યાં રેણુકાની તે વળી ગુલામી કયાંથી કરતો હોઈશ..? મેં તડને ફડ કરતાંક કહી દીધું.. સવારના પહોરમાં જાગતાંની સાથે ના પત્નીનું.. ના ભગવાનનું.. ના પડોશણનું.. મોં જોવાનો હું પ્રયાસ કરું પણ હું અટકયો..

મારી વાતમાં બોસને જાણે અતિશય રસ પડયો એમ પુછી બેઠા..

ના પત્નીનું.. ના પડોશણનું.. ના ભગવાનનું.. તો કોનું ? પ્રભાતે શ્વાન દર્શનમ્.. પ્રભાતે કપિ દર્શનમ્.. પ્રભાતે ગદર્ભ દર્શનમ્..

ના..ના..ના.. હું બગડયો પણ બોલ્યો.. પ્રભાતે તો મોબાઈલને ચાર્જીંગમાં મુકવાનું સૌથી પહેલાં કામ કરૂં છું.. કારણ કે મારા મોબાઈલની બેટરી રોજ સવારે ઉતરી ગઈ હોય છે.. એને ચડાવાનું કામ કરૂં છું..

મેં કહ્યું.. સાહેબે એમની ચળકતી ટાલમાં બાલ ન હતા. છતાંય કાંસકો ફેરવવાનો પ્રયાસ કરતા કહ્યું.. મોબાઈલમાંથી બેટરી ઉતરી જાય છે શું કામ પકડી રાખતા નથી ?

સાચે જસવારના પહોરમાં જેવા જાગ્યા હોઈએ છીએ કે સાથે જ મોબાઈલને ચાર્જમાં મુકવો પડે છે.. બેટરી માટે ઘણાના મોબાઈલ તો ચોવીસે કલાક ચાર્જીંગમાં રહે છે.. ઘડી ઘડી.. બેટરી ઉતરી જાય છે..

કેટલાંક વાહનો એવા હોય સવારે પેટ્રોલ ભરાવ્યું હોય તો સાંજે ખલાસ.. કયાંક તળીયું બતાવે છે. એવું જ કંઈક મોબાઈલ બેટરીનું હોય છે.. સવારે ૧૦૦ ટકા ભરી હોય અને અગિયાર વાગે ૫૦ ટકા અને બે વાગે ડબ્બા ડુલ.. જ્યાં હોવ ત્યાં ખિસ્સામાંથી વાયર કાઢીને કરો.. ચાર્જીંગ બેટરીઓની બબાલ ઓછી નથી હોતી.. ઘણાની બેટરીઓ ઉતરી જાય પછી મોબાઈલ ફોનને ચાલુ કરતાં ઘણી ભેજામારી કરવી પડે છે. ઘણાની બેટરી સરસ હોય છે તો મોબાઈલ ભંગાર અને મોબાઈલ સારો તો બેટરી ભંગાર.. બેટરી ભંગાર હોવાનું તો ઘણાના મોંએ સાંભળ્યું છે..

અનુસંધાન પાના નં.૬ ઉપર

# કાટલાં અને કાંટાની માનવી સાથે કશમકશ

**દેખ કબીરા** **હંસામૃત વાલમીયા**

સદીઓથી માનવ જાતને જેના સાથે પનારો પડ્યો હોય એવો નાતો છે કાટલાં અને કાંટો... માણસ જાતની સૌ પ્રથમ પૃથ્વી ઉપર પૈદાઈશ ધામ એ સમયે એને દાક્તરો – વૈદ્યો અને દાયણો સૌ પ્રથમ તોલવાનું કામ કરે છે. તોલ સામે માનવીય મોલ કંઈ નથી હોતો છતાં એ એક આદિ-અનાદિ કાળથી ચાલ્યો આવતો અતુટ બંધન જેવો નાતો કદી ભૂલાય તેવો નથી.

કાટલાં અને કાંટાનો ઈતિહાસ પણ સમજવા જેવો છે એ એક વાસ્તવિક ફલક ઉપર આજે મેટ્રિક પધ્ધતિમાં જેને તમે તોલમાપના નામથી ઓળખો છો એ કાંટાનો સંબંધ જે તે વસ્તુનું વજન જાણવા ઘર-સમાજ-દેશ અને દુનિયામાં મશહુર છે જ. કાંટા ઉપરથી એક પ્રમાણભૂતતા જાણી શકાય છે.

બાળકના જન્મ સમયે તેને સૌ પ્રથમ તોલવામાં આવે છે. એ સમયે નવોદિત બાળકો લગભગ દોઢ કિલોથી સાત કિલો સુધીના એવરેજ જણાય છે. હિન્દુસ્તાનમાં જન્મ લેતાં બાળકો કરતા પશ્ચિમમાં જન્મતાં બાળકો વધારે પોષણક્ષમ જોવા મળે છે. એ દેશોમાં જન્મ લેતાં બાળકો લઘુત્તમ ત્રણ કિલોથી માંડી મહતમ દસ કિલો સુધીનાં જોવા મળ્યાં છે એવા પ્રમાણિત દાખલા પણ મોજુદ છે. પોષણ ક્ષમતાના અભાવે જન્મતાં બાળકો માટે આપણા હીરો આમીરે કુપોષણ નાબુદી અભિયાન શરૂ કરેલું છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ કુપોષણ નાબુદ કરવા સમયોગી છે પણ આપણું હેલ્થ ખાતુ કદી ક્યારેય આ બાબતે જાગૃત નથી. આપણા ત્યાં યુનો અને યુનિસેફ તરફથી અઢળક તબીબી સહાય આપવામાં આવે છે પણ જેના ઈમ્પ્લીમેશન અંગે આંખ આડા કાન કરવામાં આવે છે. કાંટાની ઉત્ક્રાંતિ પણ ખરેખર સમજવા જાણવા જેવી છે. જેમાં સરકારનું તોલમાપ ખાતું છેલ્લા બે પાંચ વરસથી જાગ્રત થયું છે. ઓછું તોલનાર અને ઓછું આપનાર માટે દંડનીય સજાની પણ જોગવાઈ ભારતીય કાયદાની રખેવાળી હેઠળ છે છતાં આ દેશમાં અને ખાસ કરીને આપણા રાજ્યમાં અને રાજધાનીમાં નમતું તોલવાની જગ્યાએ ઘણું ઓછું અપાય છે.

કાંટાની અને કાટલાંની કરામત સમજવા એકવાર આ તોલમાપ ખાતાએ સામુહિક ઝુંબેશ ઉપાડી. એ સમયે વેપારી ઘણા દોડતા થઈ ગયા હતા. જે ઓછું તોલ આપીને વધારે પૈસા લેતા હતા. સાઉથના એક તોલમાપ અધિકારીએ એક માર્કેટમાં ખાસ સરપ્રાઈઝ વિઝિટ ગોઠવી. એક કિલો સુકા લસણની ખરીદી કરી. ત્યારે પેલા લારીવાળાએ કહયુંઃ “સાહેબ ઓછું નથી આપતા... ગમે ત્યાં તોલ કરાવી લેજો... એવું લાગે તો પૈસા પરત... આ શબ્દો પુરા થાય એ ઘડીમાં પેલા અધિકારીએ બેગમાંથી ડિજીટલ કાંટો કાઢ્યો... પેલા લારીવાળાને બતાવ્યું... જ્યાં એક કિલો લસણ માત્ર આઠસો ગ્રામ જોવા મળ્યું... લારીવાળો ભોંઠો પડી ગયો... સાહેબ લો આ બીજું એક કિલો લસણ મફત લઈ જાઓ... પણ બાપુ મોટો કેસ કરશો નહિ.

સાઉથના અધિકારી વર્ગ ખરેખર પ્રમાણિક અને નિષ્ઠાવાળા હોય છે તેમને પાંચ ગ્રાહકનાં નામ લખી સહી કરાવી એક પંચકયાસ રીપોર્ટ કરી લારીવાળાને સ્થળ ઉપર નોટીસ ફટકારી... જેમાં તોલમાપ અધિનિયમ અનુસાર રૂપિયા પચ્ચીસો દંડ અને એક દીવસની સાદી જેલની સજા ફટકારી... આજુબાજુવાળા વેપારીઓ કાગારોળ કરી કરગરવા આવ્યા... પણ માને એ બીજા...

કાંટા અને કાટલાં સાથે કરામત કરવાવાળા આ દેશમાં પચાસ ગ્રામથી માંડી પાંચ દસ કિલોના વજનીયાં પ્રમાણિત કરાવી જે લીડ ભરવામાં આવે છે તે ખોતરીને કાઢી નાખીને ગ્રાહકોને સરેઆમ છેતરવા સિવાય અન્ય કંઈ કરતા નથી.અમારા અમથાકાકા અમદાવાદીએ એક સવાલ કર્યો. અલ્યા ભૈ, ‘હવે તો આ કાટલાંની જગ્યાએ પેલા કમ્પ્યુટર ડિઝીટલ કાંટા આવ્યા છે તો છેતરવાની વાત ક્યાં?’ ‘અરે કાકા આ દુનિયામાં ડિઝીટલ વ્યવહારમાં અનેક માણસો છેતરાય છે તમે ખબર નથી?’ ‘ના ભૈ, એ કેવી રીતે?’

‘જુઓ કાકા આ બેંકના એટીએમ સાથેના વ્યવહારમાં, પેટ્રોલ પંપ ઉપર ડેબીટકાર્ડના વ્યવહારોમાં, ખરીદીના જે તે મોલ અને મોટી દુકાનો ઉપર ડીઝીટલ પેમેન્ટમાં ઘણા ગોટાળા થયા છે એ તમે જાણતા નથી...

વાત આપણી કાંટા અને કાટલાંની છે. જુના સમયના કાંટા અને કાટલાંનું લગભગ એંશી ટકા સ્થાન ઈલેક્ટ્રોનિક કાંટાઓએ આંચકી લીધું છે તેમાં વેચનારને ફાયદો અને ખરીદનારને નુકશાન.‘એ કંઈ રીતે બની શકે? પરમાનંદ રામાનંદી ઉપાયઃ અરે મહારાજ તમે જે દુકાન-લારી-ગલ્લા કે દળવાની ઘંટી ઉપર ઈલેક્ટ્રોનિક કાંટાની જો ઝીણવટથી તપાસ કરવામાં આવે તો લગભગ તમામ કાંટાઓ ઉપર ‘ઝમ્પ બાય બમ્પ’ નામની સીસ્ટમ કામ કરે છે કિલોગ્રામ લેવા જાઓ ત્યારે ઝંપીંગથી નવસો ગ્રામ મળશે અને દસ કીલો દરણુ ઘંટીઓમાં આપશો ત્યારે નવ કીલો અને પાંચસો ગ્રામ આટો મળશે... સમજ્યા...દેખ કબીરા’ ‘હા... તમારી વાત મને ગળે ઉતરી... ઘંટીના માલિકો કદી ક્યારેય પોતાના ઘર માટે ખરીદતા તમે જોયા છે???... જવાબ તમારો નિર્ણય અમારો... દેખ કબીરા..

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# બલરામે નાના બાળકને ડુબતાં બચાવ્યો

**એનું નામ છે જીવન** **નટવર હેડાઉ**

‘બલરામ..અો બલરામ..’

કોણ ?

આવ..આવ.. શું ચાલે છે

વેકેશનમાં બીજું શું હોય ? રમવા ભમવાનું ને મજા કરવાની ઘેર કેરમ રમવા બેઠેલા પણ વીજળી ગુલ થતાં કંટાળી ગયો.. કૃણાલે કહ્યું.

‘મારી પણ એ જ હાલત છે. જમી લીધા પછી આરામ કરતો હતો પણ આ ગરમી અને બફારો તેમાં વીજળીના ધાંધીયા..

તો તેનો એક ઉપાય છે..

શું ?

ચાલ તળાવે ન્હાવા જઈએ.

‘હાં, તારો આઈડીયા સારો છે..’ કહેતાં બલરામે મમ્મીને બુમ પાડી..

‘મમ્મી.. મમ્મી..’

બોલ બેટા શું હતું ?

કુણાલ આવ્યો છે તેની સાથે હું તળાવે ન્હાવા જાઉં છું.

સાચવીને તળાવમાં ધ્યાન રાખીને ન્હાજો અને બેટા વહેલો પાછો આવી જજે.

ભલે મમ્મી બલરામે કહ્યું અને બંને મિત્રો તળાવ તરફ ચાલી નીકળ્યા..

તળાવ ગામની બહાર હતું..આજુબાજુ ઘટાદાર વૃક્ષો હતાં. બંને મિત્રો તળાવે પહોંચ્યા ત્યારે જોયું તો તળાવના સામેના કીનારે આઠ વર્ષનો ચંદ્રકાંત અને તેના મિત્રો પણ તળાવમાં ન્હાતા હતા.

‘એ ય છોકરાઓ ધ્યાન રાખજો. એ બાજુ પાણી ઘણું ઉંડુ છે..કૃણાલે કહ્યું.

ફિકર નોટ અમને તરતાં આવડે છે.. ચંદ્રકાંતે તુમાખીથી કહ્યું..

જવા દે ને યાર.. આ લોકોને કંઈ કહેવા જેવું નથી. બહુ જીદી છે કોઈનું માનશે નહીં.. બલરામે કહ્યું.

બંને મિત્રો કીનારે કપડાં મુકી તળાવમાં ન્હાવા પડયા. ગરમીના સમયમાં તળાવના ઠંડા પાણીમાં ન્હાવાની બંનેને ખુબ જ મજા પડતી હતી. ઘડીક છબછબીયાં કરતાં તો ઘડીક એકબીજા પર પાણી ફેંકતા બંને મજાક મસ્તી કરતા હતા.

તેવામાં અચાનક અવાજ સંભળાયો.. બચાવો.. બચાવો..

બંને મિત્રોએ અવાજની દિશામાં જોયું તો ચંદ્રકાંતનો અવાજ હતો. ન્હાતાં ન્હાતાં તે અચાનક તળાવના ઉંડા પાણી તરફ જતો રહેલો. અહીં તળાવ લગભગ ૧૫ ફુટ જેટલું ઉંડુ હતું. ચંદ્રકાંતને તરતાં આવડતું ન હતું તેથી તે ડુબવા લાગ્યો.. તેના મિત્ર જીવર્ધને આ જોયું. તે ચંદ્રકાંતને ડુબતો બચાવવા તેની તરફ પહોંચ્યો.. જીવર્ધન તે નજીક આવેલો જોઈ ચંદ્રકાંતે ઝપટ મારી તેના હાથ પકડી પાડયો પાણીની ઉંડાઈ ઘણી હોવાને કારણે જીવર્ધન પોતાને બચાવવા હાથ પગ પછાડી બચવાની કોશીશ કરવા લાગ્યો પણ એ પોતે ડુબી જશે તેમ તેને લાગવા માંડયું. તેથી જીવર્ધને ચંદ્રકાંતે પકડેલ પોતાનો હાથ છોડાવવાની કોશીશ કરવા લાગ્યો. અને સાથો સાથ મદદ માટે બુમો પાડવા લાગ્યો.

બંને મિત્રોને ડુબતા જોઈ બલરામ જરા પણ સમય ગુમાવ્યા વિના ઝડપથી તરતો તરતો તે બંનેની પાસે પહોંચી ગયો. નાનકડા ચંદ્રકાંતના વાળ તેણે પકડી પાડયા અને ખેંચીને તેને કીનારા પર લાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેણે જોયું કે ચંદ્રકાંતે જીવર્ધનનો હાથ પકડી પાડેલ છે. તેના કારણે જીવર્ધન ઝોવાં મારે છે તેથી બળપૂર્વક જીવર્ધનનો હાથ તેણે છોડાવી દીધો અને ચંદ્રકાંતને કીનારે ખેંચી લાવ્યો. જીવર્ધન પણ ચંદ્રકાંતના પાશમાંથી મુકત થતાં તરતાં તરતો કીનારે આવી ગયો.

કૃણાલ, જીવર્ધન અને બીજા મિત્રોએ બલરામને મદદ કરી. ચંદ્રકાંત ઘણું પાણી પી ગયો હતો તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી .આ રીતે બલરામના સાહસિક કામથી એક નાના બાળકનો જીવ બચી ગયો.

આ ઘટના છત્તીસગઢ રાજયના રાયગઢ જિલ્લામાં આવેલ સુખાપાણી ગામની ધો.૧૯ એપ્રીલ ૨૦૧૪ ના દિવસે બપોરના સમયે બનેલ આ ઘટનાની જાણ ગામ લોકો અને આસપાસના પંથકમાં ફેલાતાં સૌ કોઈ બલરામની સેનાની પ્રશંસા કરવા લાગ્યાં.

બલરામનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ થતાં ૨૪ જાન્યુ.૨૦૧૫ ના રોજ દિલ્હી ખાતે તેને સન્માનીત કરવામાં આવ્યો.

**નટવર હેડાઉ**

# રજનિકાંત-અક્ષય કુમારની ફિલ્મને લઈ ખુબ ઈન્તજાર

બોલિવુડ સ્ટારની બોલિવુડમાં પોતાની એક્ટિંગ કુશળતાના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી મોટા સ્ટારની યાદીમાં રહેલા અક્ષય કુમારની મોટી ફિલ્મ ટુ હવે વર્ષ ૨૦૧૮માં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મને હવે જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ફિલ્મમાં રજનિકાંત મુખ્ય સ્ટાર તરીકે છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે એમી જેક્સન છે. દિવાળી પર અક્ષય કુમારની મોટી ફિલ્મ રજૂ કરવાની યોજના હતી. જેમાં રજનિકાંત મુખ્ય અભિનેતા તરીકે છે. ટુ નામની આ ફિલ્મમાં તે વિલન તરીકે રજૂ થનાર છે. જો કે આ ફિલ્મ હવે નવા વર્ષે જાન્યુઆરીમાં રજૂ કરવામાં આવનાર છે. દિવાળી પર ફિલ્મને રજૂ કરવાની યોજના ટાળી દેવામાં આવી છે. તમામ ફિલ્મોમાં તેની જુદી જુદી ભૂમિકા રહેશે. આ વર્ષે અક્ષય કુમારની સૌથી પહેલા જોલી એલએલબી-ર ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જેમાં તેની સાથે હુમા કુરેશીની મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા હતી.ફેબ્રુઆરી મહિનામાં રજૂ થયેલી આ ફિલ્મ એક કોર્ટ ડ્રામા ફિલ્મ હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. જેમાં કોમેડી પણ ભરપુર રીતે જોવા મળી હતી. આ ફિલ્મનુ શુટિંગ મોટા ભાગે લખનૌમાં કરવામાં આવ્યુ હતુ. અભિનેત્રી હુમા કુરેશીને પણ એક મોટી ફિલ્મ હાથ લાગી ગઈ હતી. અક્ષય કુમાર હાલના સમયમાં સૌથી વ્યસ્ત રહેનાર અભિનેતા પૈકી એક છે. તેની ટોઈલેટ પ્રેમકથા ફિલ્મ બોક્સ ઓફિસ પર સરેરાશ સફળતા હાંસલ કરવામાં સફળ રહી છે. જેથી તે હવે ખુશખુશાળ છે. જો કે ટુક ફિલ્મને લઈને વધારે ઉત્સુકતા દેખાઈ રહી છે.

# કેવા ગ્રહો લાંબી આયુષ્ય આપે ?



જીવ જન્મ લે છે પછી એનું મૃત્યુ તો નિશ્ચીંત છે. રાવણ હજારો વર્ષ જીવ્યો અને તે આખરે રામના હાથે હણાયો. તેની આયુષ્ય કેટલી હતી તે આજ દિવસ સુધી નથી નક્કી થતી. રાજા દશરથના સમયમાં રાવણ હતો તો તેમના રાજા દશરથના દાદા પરદાદાના સમયમાં પણહતું તેવું રામાયણમાં વાંચવા મળતુંહોય છે. આપણે તેની ઉંમર કેટલી ના કોના સમયથી ચાલી આવી રહ્યો છે. તે જાણવું નથી પણ તેના ગ્રહો કેવા હશે કે તે એક રહસ્ય છે. ને તે માટે કોઈ રસાયણ હોય તે માની શકાય છે. જે થકી વ્યકિત લાંબુ જીવવું હોય છે. અને તે બાબતે આપણા અનેક શાસ્ત્રોમાં ઔષધી બાબતે જોવા મે છે. જેવું કે ત્રીકટુ સાથે અન્ય વસ્તુઓનું મેળાપ, દરેક સાથે બે ત્રણ વસ્તુઓનું મેળાપ તેમજ ચિત્રકસાથે અન્ય ઔષધનું સેવન વ્યકિતને ત્રણસોથી ૧૦૦૦ વર્ષ સુધીની આયુષ્ય આપનાર આ સામાન્ય છે. તો તે કરતાં વધારે પણ જીવવાની ઔષધિ બાબતે છે જ. પ્રથમ આઔષધી લેવાથી તમામ પ્રકારની બિમારી નષ્ટ થાય છે. ત્યારબાદ શરીરનો વર્ણ બદલાઈને સુંદર થાય છે ને આયુષ્ય પણ વધે છે. જાણીએ કેવાગ્રહો લાંબી આયુષ્ય આપે ?

જે જાતકની જન્મકુંડળીમાં ચંદ્ર પ્રથમ કે અગ્યારમા ભાવમાં હોય અને તે પરમ ઉંચનો બનતો હો તેજ ગ્રહ નવમાંશ કુંડળીમાં મીત્રના ઘરમાં હોય તો આવી વ્યકિત ૧૦૦ વર્ષ કરતાં વધારે જીવે છે.

**દ્રષ્ટાંતકુંડળીઃ** આ દ્રષ્ટાંતકુંડળીમાં ચંદ્ર ઉંચનો છે અને અગ્યારમા ભાવમાં છે. આ ચંદ્ર નવમાસ કુંડળીમાં સિંહ, મીથુન અને કન્યા રાશીમાંથી કોઈ રાશીમાં હોય તો આવી વ્યકિત ૧૦૦ વર્ષ કરતાં વધારે જીવે છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોઘા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# સ્વાઈન ફલુ પાછળ અસરકારક થઈ રહી હોવાના સરકારના દાવા સાચા કે ખોટા ?

**દ્રષ્ટીકોણ** **ચંદ્રશેખર ત્રિવેદી**

ગુજરાતમાં સ્વાઈન ફલુ વાયરસ છેલ્લા સાત વર્ષથી તીવ્ર બન્યો છે ત્યારે અમદાવાદ મ્યુ.કોર્પોરેશન સ્વાઈન ફલુને પડકારવા માટે નિષ્ફળ નીવડેલ છે. વર્ષ ૨૦૧૫ માં સ્વાઈન ફલુ વકર્યો હતો. જો તે વખતે રાજય સરકારે તકેદારીના પગલાં લીધા હોત તો હાલ જે સ્થિતિ સામે આવી છે તે આવી શકત નહીં..આ બાબતે સરકારે જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ.

૨૦૦૫ માં જાહેરસ્થળોએ ખુલ્લામાં કાપેલા ફ્રુટના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યોહતો પરંતુ ૨૦૧૭ માં ફરી સ્વાઈન ફલુનો રોગચાળો વકર્યો છે પરંતુ મ્યુ. તંત્ર દ્વારા જાહેર સ્થળોએ વેચાતા કાપેલા ફ્રુટ પરના વેચાણ સંબંધે કોઈ પગલાં લીધા નથી કે તેની પર પ્રતિબંધ દાખવ્યો નથી. આ સિવાય અન્ય ખાદ્ય પદાર્થો જે ખુલ્લામાં વેચાણ થાય છે તે બાબતે કોઈપણ જાતની તપાસ ચલાતી નથી. તે વેચાતા પદાર્થોની ચકાસણી કરવી જોઈએ પરંતુ તેમાંની કોઈ કામગીરી કરવાનો મ્યુ.તંત્ર પાસે સમય નથી.

સ્વાઈન ફલુની સૌથી વધુ અસર ગુજરાત, અમદાવાદ શહેરમાં જ વર્તાઈ છે. સ્વાઈન ફલુથી અત્યાર સુધી ૬૦૦જેટલા વ્યક્તિઓનો ભોગ લેવામાં આવ્યો છે. જેમાં ૨૩૦ જણાના મોત ગુજરાતમાં થયા છે આ સૌથી ગંભીર બાબત ગણી શકાય.

અમદાવાદ શહેરની મ્યુ. હોસ્પિટલો સિવાય ખાનગી હોસ્પિ.માં સ્વાઈન ફલુની સારવાર કરવામાં આવી રહી છે પણ ખાનગી હોસ્પિટલો યોગ્ય આઈ લોલેટેડ વોર્ડ ઉભા કરી રહી છે તે જોવાની તસ્દી મ્યુ. તંત્ર દ્વારા લેવામાં આવી નથી. મ્યુનિ.ની સરકારી હોસ્પિટલમાં સ્વાઈન ફલુનો ટેસ્ટ થાય છે છતાં કેટલીક ખાનગી હોસ્પિટલો ટેસ્ટના નામે ઘણા બધા દર્દીઓને લુંટી રહી છે. તેને રોકવાનો મ્યુ.તંત્રની જવાબદારી હોવા છતાં તે જોવાની ફુરસદ પણ નથી. આ સિવાય શહેરમાં સ્વાઈન ફલુના મુદે નાગરિકોમાં જાગૃતિ ફેલાય તેવા આક્રમક પગલાં લેવાયા નથી.અમદાવાદ, રાજકોટ સહિત ચારેક શહેરોમાં જંયાં સ્વાઈન ફલુના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તે હોસ્પિટલોની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સત્તાવાર મુલાકાત લીધી પરીસ્થિતિ નિહાળી છે. હોસ્પિટલોમાં જરૂરી દવાઓનો સ્ટોક છે કે નહીં

અનુસંધાન પાના નં.૬ ઉપર

**નવા સ્વાઈન ફલુના પોઝીટીવ કેસો અટકવાનું નામ જ લેતાં નથી**

# મોંઘાદાટ પુસ્તકોની અજીબ દુનિયા

**અજબ ગજબની દુનિયા** **કમલેશ કંસારા**

કયારેક પુસ્તકોનું મૂલ્ય એવું હોય છે કે જેને સાંભળીને આપણને આશ્ચર્ય થયા વગર રહેતું નથી. કેટલાંક પુસ્તકો વર્ષો જુના હોવાથી એન્ટીક ગણાય છે. વળી તેની પ્રતો પણ ઓછો છપાતી હોવાથી એ પુસ્તકોની કિંમતો આસમાને હોય છે. સચીન તેંડુલકર એક અનમોલ ખેલાડી ગણાય છે. એક બ્રીટીશ બુક કંપનીએ સચીન પર એક લાખ રૂપિયાની કિંમતનું પુસ્તક બજારમાં મુકવાની જાહેરાત કરી હતી. આ પહેલાં ડીઝાઈનર રીતુ બેરીની એક બુક જે એક લાખ રૂપિયાની કિંમતની હતી. એ બુક તો બજારમાં ઉપલબ્ધ છે. આટલા મોંઘા પુસ્તકો ખરીદવાનો એક અલગ વર્ગ હોય છે. કેટલીક વાર મોંઘાદાટ પુસ્તકોની લોકો ઓછા ખરીદે છે છતાં પણ એની માંગ હોય છે. વિશ્વ પ્રસિદ્ધ બોકસર મોહમ્મદ અલીના જીવન પરના પુસ્તકની કિંમત પાંચ લાખ રૂપિયા છે.

દુનિયામાં એવા પણ કદરદાન હોય છે જે લાખો રૂપિયાની કિંમતના આવા પુસ્તકોની ખરીદી કરે છે. મશહુર ફુટબોલ સ્ટાર કીંગ પેલેના જીવન પરનું પુસ્તક જ્યારે બજારમાં આવ્યું ત્યારે એની એક કોપી સચીને પણ ખરીદી હતી. આ પુસ્તકની કિંમત લાખોમાં હતી. પેલેનું પુસ્તક રજુ કરનારી પ્રકાશક કંપની ગ્લેરીયા પબ્લીશર આ પુસ્તકની મોંઘી અને સસ્તી એમ મળીને કુલ ૧૦ હજાર કોપી વેચી ચુકી છે. જે એક રેકોર્ડ છે. ગ્લેરીયા પબ્લીશર્સ ફેરારી કારના ડ્રાઈવરોની માલામાલ જીંદગી પર એક મોંઘુ પુસ્તક બજારમાં લાવેલ છે. લંડનની કાર્લ ફાઉલર નામની બુક કંપની કિંમતમાં ખુબ જ મોંઘા ‘ઓપસ’ સીરીઝના પુસ્તકો છાપે છે. આ પુસ્તકો વજનમાં ૩૫ કીલોના હોય છે. એમની કિંમત અઢી લાખથી સોળ લાખ રૂપિયાની વચ્ચે હોય છે. સચીનનું પુસ્તક આજ કંપનીએ રજુ કરેલ છે. સચીને એવા આઠ બેટ આ કંપનીને ભેંટ આપ્યા છે. જેનાથી એણે સદી ફટકારેલી આ બેટને ચીરીને એની પટ્ટી બનાવવામાં આવશે.જેને ચામડાની વચ્ચે મુકી, પુસ્તકમાં બુક માર્કર તરીકે મુકવામાં આવશે.

જર્મન લેખક થોમસ એલેકઝાન્ડર હાર્ટમેનનું ‘ધ ટાસ્ક’ નામનું પુસ્તક દુનિયાનું સૌથી મોંઘુ પુસ્તક ગણાય છે. તેર પાનાના આ પુસ્તકની કિંમત છસ્સો કરોડ રૂપિયા છે. જી હા આ કોઈ લખવામાં કે વાંચવામાં ભુલ નથી.

આ પુસ્તકની માત્ર એક જ કોપી છે અને આ એટલું મોંઘુ એટલા માટે છે કે એના લેખકે એને લખવામાં જીવનના કિંમતી ૩૦ વરસો પસાર કરી દીધા હતા.

જાણીતા ચિત્રકાર, લિયોનાર્દો દ વિન્શીએ ‘કોડેકસ લીસેસ્ટર’ નામનું પુસ્તક લખ્યું હતું. જે એણે અરીસામાં જોઈને લખ્યું હતું.

અનુસંધાન પાના નં.૬ ઉપર

### ગંદકી ...

**પાના નં.૧ ચાલુ**

સામે ફરિયાદ નોંધાઈ છે. જે મામલે પોલીસે ધોરણસરનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હોવાનું પી.એસ.ઓ. છનાભાઈએ જણાવ્યું હતું. રાજયમાં અનેક જગ્યાએ બનતી રહેઠાણની સ્કીમોમાં સરકાર દ્વારા જે તકેદારી રાખવાની જોગવાઈ કરવામાં આવી હોય છે તેનું પાલન કરતા નથી. પાલનપુર નગરપાલિકાએ સ્થાનિકોની માંગના આધારે બિલ્ડરો સામે ફરિયાદ દાખલ કરી છે. ત્યારે જોવાનું એ રહેશે કે આખરે આ બિલ્ડરો સામે પોલીસ કઈ દિશામાં કાર્યવાહી કરે છે.

### બનાસકાંઠા જિલ્લા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કે દલિત સમાજના મહોલ્લામાં જઈ બાબા સાહેબના વિચારો રજુ કરવા આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા પંચાયતના માજી પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી, ઉત્તર ઝોનના ઈન્ચાર્જ એન.ટી. રાઠોડ, બનાસકાંઠા જિલ્લા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ, મહામંત્રી પ્રવિણભાઈ પરમાર, પ્રહલાદભાઈ પરમાર, દુધાભાઈ પરમાર, પાલનપુર તાલુકા પંચાયતના પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી, ડીસા તાલુકા મોરચાના મહામંત્રી બાબુભાઈ શ્રીમાળી, આસેડા પ્રદેશ મોરચા ઉપ.પ્રમુખ આંબાભાઈ બનાસકાંઠા જિલ્લાના તમામ હોદ્દેદારો તાલુકાના પ્રમુખ તથા મહામંત્રી વગેરે હાજર રહ્યા હતા.

### સિપુ ડેમનું...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જેના કારણે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ શાળાએ જઈ શકતા નથી અને જે વિદ્યાર્થીઓ શાળાદ્એ જાય છે તેમને તેમના વાલીઓ શાળા સુધી માથે બેસાડી મુકવા અને લેવા જવું પડે છે આ બાબતને લઈ ને જેગોલ કૃષ્ણનગર ના શિક્ષક સતિષભાઈ એ જણાવ્યું હતું કે જેગોલ કૃષ્ણનગર પ્રા શાળાના નાના નાના બાળકોને શાળામાં જવાની તકલીફ પડી રહી છે જ્યારે આજે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ રસ્તામાં સિપુડેમનું પાણી ભરાઈ જવાથી અભ્યાસ કરી શકતા નથી. હાલ આ ખેતરો અને ઘરોમાં કેડ સુધી પાણી ભારાયેલા છે તે જગ્યા પર જવા માટે બીજા ખેતરો મા જઈ બે- બે કિલ્લો મીટર સુધી થઈ ને જવું પડે છે મેઈન રસ્તો બંધ હોવાના કારણે હાલ પણ આ વિસ્તારમાં સાધન જઈ શકતા નથી માટે બાળકો જો આવે તો પણ ટાઈમસર આવતા નથી અને સાંજે પણ વાલીઓ બાળકોને વહેલા લેવા માટે મજબૂર બને છે..

શારદાબેન (સ્થાનિક)એ જણાવ્યું હતું કે, ગામમાં કોઈ વ્યક્તિ અચાનક બીમાર પડી ગયું હોય કે ડિલિવરી કેશ બન્યું હોય તો ૨ કિલો મીટર સુધી ખભે બેસાડીને લઈ જવી પડે છે વારંવાર રજુઆત કરવા છતાં કોઈ જ સાંભળતું નથી. જેના કારણે અહીના લોકો બહુજ મુશ્કેલીમાં છે લોકોની વેદના કોઈજ સમજવા માટે તૈયાર નથી.

જેગોલ યુવા સરપંચ સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ખેડૂતોને વળતર નથી મળ્યું એવા પણ ખેતરોમાં સિપુડેમનું પાણી ખેતરોમાં આવી ગયું છે જેને લઈને અમોએ સરકારી તંત્રને અનેક રજુવાતો કરવા છતાં કોઈ હજુ તપાસમાં આવ્યું નથી અને સાથો સાથ બાળકો ને આ પાણીને લીધે બહુજ મુશ્કેલી પડી રહી છે માટે સરકાર તંત્ર યોગ્ય કરે એવી લોકમાંગ પણ ઉઠવા પામી છે.

### અત્યારસુધી ૫ ...

**પાના નં.૮ ચાલુ**

૧૯૯૦ ની ચૂંટણીમાં અપક્ષ તરીકે ૧૩,૪૯૦ મતો મેળવનાર ગોરધનજી માળીને ભાજપે ૧૯૯૫ માં ટિકિટ આપી ચૂંટણી જીતવા નવી રાજકીય ચાલ રમી. આ ચાલમાં ભાજપ સફળ રહ્યું. જ્યારે બીજી તરફ સતત બે વખત ધારાસભ્ય બનનાર લીલાધર વાઘેલાએ આ વખતે પક્ષપલ્ટો કરી કોંગ્રેસ તરફથી ઉમેદવારી નોંધાવી. પરંતુ, પક્ષપલ્ટો કરવાની વૃતિ ડીસાના મતદારોએ નકારી કાઢી, ભાજપના ગોરધનજી માળીને મતદાતાઓએ દિલ ખોલીને ૫૮,૦૪૭ મતો આપ્યાં, જ્યારે કોંગ્રેસના લીલાધર વાઘેલા માત્ર ૩૨,૫૫૬ વોટ જ મેળવી શક્યા. આમ, ૧૯૯૫ માં જીત મેળવી ગોરધનજી માળી પ્રથમવાર વિધાનસભા પહોંચ્યા, આ ચૂંટણીથી ડીસા બેઠક પર ભાજપની જીતનો સીલસીલો શરૂ થયો.

૧૯૯૮ ની ચૂંટણીમાં કુલ ૧.૬૩ લાખ મતદારોમાંથી ૧,૧૧,૮૦૯ એટલે કે ૬૯.૧૪% મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ ચૂંટણીમાં ભાજપે પોતાના ચાલુ ધારાસભ્યને રિપિટ કરવાનો રાજકીય વ્યુહ અપનાવ્યો જે સફળ નિવળ્યો, જ્યારે કોંગ્રેસે આ વખતે હારેલા ઉમેદવાર લીલાધર વાઘેલાને બદલી કોંગ્રેસના તેજાબી વકતા ગોવાભાઈ રબારીને ટિકિટ આપી જોકે, તેઓની હારમાં રા.જ.પા.ના ઉમેદવારે મહત્વની ભૂમિકા ભજવી ભાજપના ગોરધનજી માળીને ૫૧,૩૪૦ મતો મળ્યાં, જ્યારે કોંગ્રેસના ગોવાભાઈ રબારી માત્ર ૪૦,૮૯૧ મતો જ મેળવી શક્યા, જ્યારે, શંકરસિંહ વાઘેલાના રાષ્ટ્રીય જનતા પાર્ટી (રા.જ.પા.) પક્ષના ઉમેદવાર નાનુભાઈ શાંતિલાલ શાહ ૧૭,૦૭૬ મતો મેળવવામાં સફળ રહ્યાં. પરીણામે, ભાજપના ગોરધનજી માળીનો ૧૦,૪૪૯ મતોથી વિજય થયો. આમ, ડીસાના મતદારોએ સતત બીજીવાર પોતાના ધારાસભ્ય તરીકે ગોરધનજી માળીને પસંદ કર્યા. ૨૦૦૨ની ચૂંટણી આવતા સુધીમાં ગુજરાતમાં મોદીરાજ આવી ચુકયું હતું. ગોધરાકાંડ બાદ યોજાઈ રહેલી આ પ્રથમ ચૂંટણીમાં ભાજપે હિંદુત્વના મુદ્દે ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું. ભાજપની આ રણનિતીને ડીસાના મતદારોએ નકારી કાઢી કોંગ્રેસે ફરી એકવાર પોતાના હારેલા ઉમેદવાર પર દાંવ લગાવ્યો, જે આ વખતે સફળ સાબીત થયો. કોંગ્રેસના ઉમેદવાર રબારી ગોવાભાઈ ૭૫,૦૮૦ મતો મેળવવામાં સફળ રહ્યાં, જ્યારે ભાજપના ગોરધનજી માળીને ૬૩,૦૫૯ મતો મળ્યાં, આમ, કોંગ્રેસના ગોવાભાઈ ૨૦૨૧ મતોથી જીત મેળવવામાં સફળ રહ્યા. ગોવાભાઈ દેસાઈ ૧૯૯૫ માં ધાનેરાના ધારાસભ્ય બન્યાં બાદ ૨૦૦૨ માં ડીસાના ધારાસભ્ય બનવામાં પણ સફળ નિવળ્યાં. આ ચૂંટણીમાં ૧.૮૯ લાખ મતદારોમાંથી ૧.૩૩ લાખ એટલે કે ૭૦.૫૭% મતદાતાઓએ પોતાની વોટની તાકાતનો ઉપયોગ કરી ગોવાભાઈને ડીસાના ધારાસભ્ય તરીકે વિધાનસભા મોકલ્યા.

૨૦૦૭ ની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી પક્ષપલ્ટો કરી લીલાધર વાઘેલા ભાજપમાં જોડાઈ ગયા પક્ષપલ્ટો કરવાના ઈનામ સ્વરૂપે ભાજપે લીલાધરભાઈને ડીસાની ટિકિટ આપી. અને જ્ઞાતિવાદી સમીકરણોના બળે લીલાધરભાઈ જીત મેળાવવામાં સફળ રહ્યાં, આ ચૂંટણીમાં ભાજપના લીલાધર વાઘેલા ૭૨,૦૬૮ મતો મેળવવામાં સફળ રહ્યાં, તો કોંગ્રેસના ગોવાભાઈ દેસાઈને માત્ર ૫૩,૪૭૨ મતો જ મળ્યાં, આમ, ભાજપના લીલાધર વાઘેલાનો ૧૮,૫૦૬ મતોથી વિજય થયો. આમ, ડીસા બેઠક પર મતદાતાઓ પર પકડ ધરાવતા લીલાધર વાઘેલા ૧૯૮૫માં અપક્ષ તરીકે, ૧૯૯૦ જનતા દળના પક્ષમાંથી અને ૨૦૦૭ માં ભાજપમાંથી જીત મેળવી ધારાસભ્ય તરીકે ત્રીજી વાર જીત મેળવવામાં સફળ રહ્યાં.

૨૦૧૨ની ચૂંટણીમાં પણ ભાજપે ફરી લીલાધર વાઘેલાને ટિકિટ આપી, અને તેઓએ આ વખતે પણ પક્ષના વિશ્વાસને સાચો સાબિત કર્યો, ભાજપના લીલાધર વાઘેલા સામે કોંગ્રેસે રાજુભાઈ જોષીને ટિકિટ આપી હતી., પરંતુ, અપક્ષ ઉમેદવાર મંગળજી માળીએ એકલા હાથે ૨૧, ૧૪૮ મતો મેળવી લેતાં આ ચૂંટણીમાં કોંગ્રેસની જીતનું ગણિત હારમાં ફેરવાઈ ગયું. ભાજપના લીલાધર વાઘેલાને ૬૬,૨૯૪ મતો મળ્યાં, જ્યારે કોંગ્રેસના રાજુભાઈ જોષી માત્ર ૪૮,૫૮૮ જ મતો મેળવી શક્યાં. આમ, ભાજપના લીલાધર વાઘેલાને ૧૭,૭૦૬ મતોથી ભવ્ય વિજય થયો. આમ, લીલાધર વાઘેલા ડીસાની બેઠક પરથી ચોથી વખત જીત મેળવવામાં સફળ રહ્યાં.

પરંતુ, ૨૦૧૪ ની ચૂંટણીમાં ભાજપે લીલાધર વાઘેલાને પાટણ લોકસભા બેઠક પર ઉભા રાખ્યા, અને તેઓએ લોકસભા સીટ જીતી લેતાં તેમને ડીસા વિધાનસભા બેઠક ખાલી કરવી પડી. જેના પરિણામે આ સીટ પર પેટાચૂંટણી થતાં કોંગ્રેસે ગોવાભાઈ રબારીને ટિકિટ આપી, આ ચૂંટણી ગોવાભાઈની રાજકીય કારકિર્દી માટે મહતવની સાબિત થઈ ગોવાભાઈ ૨૦૧૨ માં દિયોદર બેઠક પરથી હાર્યા બાદ ૨૦૧૫માં થયેલી ડીસા વિધાનસભાની પેટા ચૂંટણી જીતવી તેમના માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ. જોકે, નસીબજોગે આ પેટાચૂંટણીમાં ભાજપે સામાન્ય કાર્યકર એવા લેબજી ઠાકોરને ટિકિટ આપતાં ભાજપના કાર્યકરોમાં નિરૂત્સાહ જોવા મળ્યો. પરીણામે કોંગ્રેસના ગોવાભાઈ દેસાઈ ૧૦ હજાર મતોથી જીત મેળવી પોતાની રાજકિય કારકિર્દી બચાવવામાં સફળ રહ્યાં.

આમ, ડીસા બેઠક પર અત્યાર સુધી ૧૩ વખત ચૂંટણીમાં જંગ થઈ ચુક્યો છે, જેમાં કોંગ્રેસ, ભાજપ, જનતાદળ, જે.પી., નેશનલ કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવારોને પણ ડીસાની જનતાએ ધારાસભ્ય તરીકે જીતાડી પોતાનું પ્રતિનિધિત્વ કરવાની તક આપી છે,તેમ છતાં આ બેઠક પર હજુ પણ કોઈ ધારાસભ્ય જનતાની પાયાની સમસ્યાઓનું નિરાકરણ લાવી શક્યા નથી. અત્યાર સુધી મતદારોને જ્ઞાતિવાદી રાજકારણમાં ભોળવી જીત મેળવનાર નેતાઓએ ૨૦૧૭માં ચેતવું પડશે. કારણ કે, ૨૦૧૭ ની ચૂંટણીમાં ડીસાની જનતા જાતિ, ધર્મના બદલે લોકોની વચ્ચે રહી તેમની સમસ્યાનું નિરાકરણ લાવે તેવા ઉમેદવારને જ જીતાડવાનું મન બનાવી રહી છે, ત્યારે જોવાનું એ રહે છે કે, આ સીટ પર ભાજપ - કોંગ્રેસ કેવા ઉમેદવાર ને ટિકિટ આપે છે ?

### વાવમાં મલ્ટી ...

**પાના નં.૮ ચાલુ**

તદઉપરાંત પ્રમોશન બઢતીની તક મર્યાદિત હોવાથી પ્રા.શિક્ષકની જેમ પગાર ધોરણ ૯, ૨૦, ૩૧ વર્ષ આપવાની માંગ કરાઈ હતી તેમજ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યાએ મલ્ટી પર્પઝ હેલ્થ એજ્યુકેટર રાખવું જેવા અનેક પડતર પ્રશ્નોની માંગણી રજૂ કરતું આ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં વાવ તાલુકા આરોગ્ય વિભાગના મલ્ટી પર્પઝ વર્કરો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### કાગડાની ...

**પાના નં.૮ ચાલુ**

વધતુ જતુ પ્રદુષણ, માનવ વસાહતનો વિકાસ, મોબાઈલ તરંગો, વનોની ઘટતી સંખ્યા સહિતના વિવિધ કારણોને લઈ અન્ય પક્ષીઓની જેમ કાગડાઓની સંખ્યામાં પણ ધરખમ ઘટાડો થઈ ગયો છે.

કાળો વાન, કર્કશ વાણી, કદરૂપુ સ્વરૂપ અને ગંદવાડ આરોગ તો કાગડો બારેય મહિના ઉપેક્ષિત રહે છે પરંતુ પિતૃઓના ઉપકારોનું શ્રધ્ધાપૂર્વક ઋણ ચૂકવવાના શ્રાધ્ધના અવસરે કાગડાને ભારે માન- પાન અને સ્વાદિષ્ટ ભોજન મળે છે પરંતુ તેના માટે પણ હવે લોકોને કાગડાઓની રાહ જોવાનો વારો આવ્યો છે.

### લાખણી બસ ...

**પાના નં.૮ ચાલુ**

તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ પટેલ અને જિલ્લા ભાજપ મંત્રી પી.પી. રાજપુતે અંગત રસ દાખવી રાજ્ય સરકારમાં અવારનવાર રજુઆતો કરી હતી. જે ફળદાઈ નિવડતા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે બસસ્ટેન્ડથી હાઈવેને જોડતો રોડ ચાર માર્ગીય બનાવવા ૧૨ કરોડની રકમ મંજૂર કરી છે. જેનાથી ૨.૬૦ ની લંબાઈથી ડીવાઈડર અને સ્ટ્રીટ લાઈટની સુવિધાથી સજ્જ રોડ આકાર પામશે. જેનાથી તાલુકા મથક લાખણીની રોનકમાં પણ વધારો થશે અને આમ પ્રજા તથા વાહન ચાલકોનો ટ્રાફિકની સમસ્યાથી કાયમી ધોરણે છુટકારો થશે. જેથી રાજ્ય સરકારની દિવાળી પહેલાની આ ભેટથી તાલુકા વાસીઓમાં આનંદની લાગણી છવાઈ છે. જેનો સરકારને ચૂંટણીમાં પણ ફાયદો થશે.

### લાખણીના મોરાલ...

**પાના નં.૮ ચાલુ**

ગ્રામજનોના અભિપ્રાય મુજબ કસુરવારો સામે પોલીસ ફરીયાદ થઈ હોવા છતાં અમુક વ્યક્તિઓના ગુનાની સજા મંડળીના સંચાલકો સમગ્ર લુહાર સમાજને કઈ રીતે આપી શકે ? ૨૦ દિવસોથી મંડળી લુહાર સમાજનું દુધ સ્વીકારતી નથી તો ડેરીને થઈ રહેલા આર્થિક નુકશાનની જવાબદારી કોની ? જો પોલીસ પર દુધમંડળીના સત્તાધીશો જ ભરોસો નહી કરે અને મનસ્વી નિર્ણય લઈ ચોક્કસ સમાજને ટાર્ગેટ કરશે તો મોરાલ ગામની દુધમંડળીની વિશ્વસનિયતા કેટલી ? આવા અનેક સવાલો આજે ડેરી સામે ઉભા થયા છે.

### થરાદમાં ...

**પાના નં.૮ ચાલુ**

ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ,ધાનેરાના જોઈતાભાઈ પટેલ, પાલનપુરના મહેશભાઈ પટેલ, તથા જિલ્લા પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ, થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમખુ આંબાભાઈ સોલંકી,થરાદના અગ્રણી ડી.ડી.રાજપુત, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પથુભાઈ રાજપુત, જીલ્લા કૉંગ્રેસના મહામંત્રી માંગીલાલ પટેલ, મુળસિંહ વાઘેલા, વણાજી રાજપુત (ડોડગામ), સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.જીલ્લા કલેક્ટરે સોમવારે દરખાસ્ત મળ્યેથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.જોકે આમરણ ઉપવાસી હાજીભાઈ સીપાઈએ જો સરકાર સહાય આપવાની કામગીરી ચાલુ કરશે તો જ આંદોલન સમેટવામાં આવશે તેમ જણાવ્યું હતું.

### પાલનપુરમાં મોબાઈલ...

**પાના નં.૮ ચાલુ**

કરવામાં આવી હતી. ત્યારે પોલીસવાન બનાવ સ્થળે આવી હતી. પરંતુ હદનું બહાનું કાઢી પરત ફરી ગઈ હોવાનું પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. બાદમાં યુવકને પોલીસ મથકે લઈ જવાયો હતો પરંતુ આ બાબતે કોઈ ફરીયાદ નોંધાઈ ન હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૭૦૦-૪૧૨૦૦**
રૂપુ કાચું ૪૦૭૦૦-૪૧૨૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૮૯૦-૯૪૦**
પામોલીન ૮૮૫-૯૪૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૦૦
સીંગતેલ ૧૫ લી.૧૫૦૦
સીગતેલ ૫ લી. ૪૫૦
તિરૂપતી કપા. ૧૨૪૦
૫ લીટર ૪૧૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦
૫ કે. કોપરેલ૮૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૫૦
**૧૫ લીટર સનફલાય ૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
ગેટ વ. રોયલ ૫૫૦૦
ગેટવે રેગ્યુલર૫૦૦૦
ગેટવે રીઝાના૪૫૦૦
ગેટવે એવરેડી૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
દુન તીબાર ૫ કી.૮૨૦૦
દુન તીબાર ૧ કી.૮૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦
નર્મદા અડદદાળ ૬૯૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૧૧૦૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૭૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૩૦૦
દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
હેરીટેજ તીબાર ૭૨૦૦
હેરીટેજ દુબાર ૫૫૦૦
હેરીટેજ મીની દુબા ૪૫૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૦૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૬૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦**
**ખાંડ એમ. ૪૦૦૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૩૦૦-૪૦૦
સુકી ડુંગળી ૪૦૦-૫૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૩૦૦-૪૦૦
આદુ ૮૦૦-૯૦૦
રીંગણ ૬૦૦-૮૦૦
ટામેટા ૬૦૦-૭૦૦
ભીંડા ૪૦૦-૫૪૦૦
કોબી ૩૪૦-૪૦૦
વટાણા ૯૦૦-૧૧૦૦
ટીંડસા ૬૦૦-૭૦૦
ગવાર ૬૦૦-૮૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
સાંગા બટાકા ૧૨૦-૧૪૦
ચોળી ૮૦૦-૯૦૦
તુરીયા ૫૦૦-૮૦૦

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

તેની ચકાસણી રોજેરોજ થવી જોઈએ. અમદાવાદ સહિત ઉ.ગુ.ના શહેર અને ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન જોરશોરથી ચલાવવામાં આવે તો પાણીજન્ય રોગોને પડકારી શકાશે. તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ ફેલાયેલી ગંદકીથી સામાન્ય જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે.

ખરેખર તો સ્વાઈન ફલુના વાઈરલ ઈન્ફેકશન સામે જાગૃતિ માટે જવાબદાર તંત્રે કોઈ પૂર્વ તૈયારી કરી ન હતી. આથી ૧૬ જુલાઈથી ૧૬ ઓગષ્ટ વચ્ચે આ વાયરલ વધુ તીવ્ર થતાં ૧૧૫ નાગરિકો મોતના મુખમાં ધકેલાઈ ગયા હતા. ૧૯૮૨ નાગરિકો ચેપગ્રસ્ત થયા છે જેમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. શાકાહારી ગુજરાતીઓમાં કુપોષણનું પ્રબમાણ પહેલેથી જ નીચું છે આથી હુ સંસ્થાએ નાગરીકોના રોગપ્રતિકારક શક્તિ વધારવાખુલ્લામાં વેચાણી ખાદ્ય સામગ્રીના વેચાણ પર પ્રતિબંધ દાખવવા અનુરોધ કર્યો છે. સ્વાઈન ફલુને રકવા સરકારેએકશન પ્લાન તૈયાર કરવો જરૂરી હોવા છતાં આ અંગે જવાબદાર તંત્ર પોતાના હાથ અધ્ધર કરી રહ્યા છે. વર્તમાન સંજોગોમાં હવે તો ગામડાઓની પ્રસુતાઓમાં પણ સ્વાઈન ફલુએ કાળો કેર વર્તાવ્યો છે. આ સંદર્ભે ગ્રામ્ય વિસ્તારોમાં જો સ્વાઈન ફલુના વાયરલને પડકારવાનાપ્રયત્નો કરવામાં નહીં આવે તો ઘેર ઘેર સ્વાઈન ફલુના દર્દીઓ જોવા મળશે તેમાં નવાઈ નથી. ગત શુક્રવારે અમદાવાદમાં સ્વાઈન ફલુથી વધુ ૪ ના મોત થતાં મૃત્યુ આંક ૩૯૩ ને વટાવી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૦૪ દર્દીઓ સ્વાઈન ફલુ પોઝીટીવના નોંધાયા છે.

અત્યાર સુધીમાં ૫૦૮૦ દર્દી હોસ્પિટલ બિછાનેથી સાજા થઈ ઘેર પરત ફર્યા છે. જ્યારે છેલ્લા ૧૫ દિવસથી ૩૩૪૭ દર્દીઓ સાજા થતાં હોસ્પિટલ તંત્રે રજા આપી છે. સ્વાઈન ફલુ પાછળ ખુબ જ અસરકારક કામગીરી થઈ રહી હોવાના સરકારના દાવા અને આંકડા સાચા કે ખોટા ?

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

તમે એક વાતનું ખાસ ધ્યાન રાખજો.. કદાચ ધ્યાન હશે જ દેશમાં જે વસ્તુનો ભાવ વધે છે એટલે પછી એ પેટ્રોલ હોય, દાળ હોય, અનાજ હોય પણ ચડેલા ભાવ ઉતરતાચ નથી. સરકાર રોજ રોજ જાતજાતની ગર્જનાઓ કરે છે વેપારીઓ માનતા નથી. આ દેશમાં એકબીજાનું નહીં, માનવાનું ઘણા સમયથી ચાલી રહ્યું છે. શહેર ટ્રાફિક પોલીસનું વાહનચાલકો માનતા નથી. પોલીસ ઈ મેમો મોકલે છે તો લોકો એની સામે હા.. હા.. કરી હસે છે. અરે હસે નહીં તો શું કરે ? બાર વર્ષ પુર્વે એક જણો મરી ગયો હતો. એના ઘેર ઈ મેમો મોકલ્યો હતો. એની પુછપરછ કરી છાપે ચડયું ત્યારે કહે કે અમારે ઘેર તો સાઈકલ પણ નથી. એ સાથે બિચારો મેમો મોકલવાનો આંક વધતો જાય છે પણ ભરનારા નથી વધતાં. ૧૩ લાખ મેમો ઈશ્યુ કર્યા છે અને ભર્યા ૩ લાખે વિચારો.. બેટરી જેવું છે પોલીસે મેમો હોકે રાખે છે અને ભરનારા..

મોબાઈલ ગમે તેટલો સારો હોય પણ બેટરી ઘરડી ડોશી જેવી હોય તો શું કરવાની ? ઘડી ઘડી તેલ પુરવાનું.. એમ ઘડી ઘડી તેલ પુરે ન ચાલે.. બજારમાં ઘણી વસ્તુના ભાવ વધે છે પણ ભરેલી બેટરી.. કશું કહેવા જેવું નથી.. ઘણાને તો પોતાના ખાસ માણસને ફોન કરવાનો હોય અને હેલ્લો કરવા જાય કે બેટરી ફુસ.. આ મામલે કોઈને બહાનું કાઢવું હોય તો કાઢી શકે કે તે મને ફોન કર્યો હતો પણ બેટરી ડાઉન થઈ ગઈ હતી.. બેટરી ડાઉન થવાનું હવે મોબાઈલ મામલે નવું પગરણ મંડાયું છે. નાનકડા મોબાઈલમાં બેટરી હોય છે એમ આપણા જીવનમાં આપણા દેહમાં પણ બેટરી જેવું હોય છે. જેને ચાર્જીંગ કરવાનું રહે છે. એ શામાંથી થાય છે એ ભાગ્યે જ કહેવાય છે..

કયાંક ઘરવાળી બોલે, ધમકાવે તો પણ ઘણાની ગમે તેવી પાવરફુલ બેટરી ડાઉન થઈ જાય છે.. ઘરના ઓટલા સુધી સીટી વગાડતો આવ્યો હોય અને અંદર પ્રવેશ કરે કે તમે કયાં હતા બપોરે બે વાગે.. કે સ્કૂટરની પાછલી સીટે કોને બેસાડી હતી તો..તો તરત જ બેટરી ડાઉન.. એ ઉતરેલી બેટરી કયારે ચાર્જ થશે એ કહેવાય નહીં..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નુ ચાલુ.**

એટલે આ પુસ્તકને વાંચવાને માટે અરીસાનો ઉપયોગ કરવો પડે છે. બીલ ગેટસે આ પુસ્તકને ૧૯૯૪ માં ૧૦૦ કરોડ રૂપિયા આપીને ખરીદ્યું હતું.

ગોસ્પેલ્સ ઓફ હેનરી ધ લાયન નામનું અગિયારમી સદીનું પુસ્તક ૨૬૬ પાનાનું છે અને ૫૦ કરોડ રૂપિયામાં તે વેચાયું હતું.'બર્ડસ ઓફ અમેરીકા' નામનું એક પુસ્તક છે. જેમાં અમેરીકાના પક્ષીઓ વિશેની વાતો છે. આ પુસ્તક થોડાંક વરસો પહેલાં પાંત્રીસ કરોડ રૂપિયામાં વેચાયું હતું.

શેકસપિયર ભલે એમ કહેતો હોય કે નામમાં શું છે ? પણ એના નામને કારણે જ એણે લખેલું પુસ્તક ફર્સ્ટ ફોલીયો જે એના મૃત્યુના આઠ વરસ પછી પ્રકાશીત થયેલું. એની જ્યારે ઘણા વરસો પહેલાં બોલી બોલાવવામાં આવેલી ત્યારે તેની કિંમત બે કરોડ સુધી પહોંચી ગઈ હતી. આજે આ પુસ્તકની કિંમત આશરે ૨૫ કરોડ રૂપિયાથી ઓછી નથી અંકાતી.

વિશ્વમાં આવા તો અનેકપુસ્તકો હશે કે જેની કિંમત કદાચ લાખો, કરોડોમાં હશે. કેટલાક પુસ્તકો તો ગુમનામીના રહસ્યોમાં ગુમ થઈ ગયા હશે અને જ્યારે એ પુસ્તકો કોઈ ભાગ્યશાળીના હાથમાં આવે ત્યારે તે વ્યક્તિના નસીબ આડેથી પાંદડુ ખસી જાય છે અને જોતજોતામાં ગરીબ વ્યક્તિ તવંગર બનતાં વાર લાગતી નથી. છે કે કિસ્મતના ખેલ ?

**કમલેશ કંસારા**

# જુનાડીસા હાઈસ્કુલમાં શિક્ષક દિન ઉજવાયો

જુનાડીસા

ગતરોજ બપોરે ૧૨:૨૦ કલાકે શાળાના પ્રાંગણમાં ડૉ.રાધાકૃષ્ણનના જન્મ દિવસની ઉજવણી 'શિક્ષક દિન' તરીકે મનાવવા શાળાના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી સૌપ્રથમ પ્રાર્થના કરી હતી. પ્રિન્સીપાલની ભૂમિકા માજીરાણા વૈશાલીબેન તથા વાઈસ પ્રિન્સીપાલ મહંમદ સમીર તથા સુપરવાઈઝર કિંજલબેન મોદીની ટીમ સાથે જુદા જુદા વિષયના શિક્ષક- શિક્ષિકાઓ તથા ક્લાર્ક તથા સેવક તથા ચોકીદાર જેવી ફરજો નિભાવી હતી. શાળાનું તમામ વાતાવરણ શિક્ષકોના રંગે રંગાઈ ગયું હતું. વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. પ્રાર્થનામાં આજના દિવસે પ્રિન્સીપાલ પી.વી.મહેતા તથા સુપરવાઈઝર અ`સ.ડી.ચેનવા તથા તમામ ગુરુજીઓએ અભિનંદન આપ્યા હતા. ત્રણ તાસનું કામ પૂર્ણ કર્યા બાદ રીશેષમાં તમામ નવા શિક્ષ-કોએ નાસ્તો કર્યો. ત્યારબાદ બે તાસ પૂર્ણ કર્યા બાદ શાળાના પ્રાંગણમાં સભા મળી જેમાં આજના દિવસે ૮ સેવકો તથા ૨ ચોકીદારને પ્રિન્સીપાલ વૈશાલીબેન તથા તેમના સ્ટાફ દ્વારા ઈનામ આપવામાં આવ્યા. પ્રિન્સીપાલ વૈશાલીબેન માજીરાણાએ શિક્ષક દિનનું મહત્વ સમજાવ્યું હતું. તમામ શિક્ષકની કામગીરીની પ્રશંસા કરી તેમનો આભાર માન્યો હતો.

# એન.પી.પટેલ મહિલા આર્ટસ કોલેજ, પાલનપુરમાં શિક્ષકદિનની ઉજવણી

પાલનપુર

શિક્ષકદિનની ઉજવણીના ભાગરૂપે તા. ૦૫/૦૯/૨૦૧૭ ના રોજ એન.પી.પટેલ મહિલા આર્ટસ કોલેજ, પાલનપુરમાં 'શિક્ષકદિન' ની ઉજવણી કરવામાં આવી હતી. ૫ સપ્ટેમ્બરે કોલેજમાં લેવાયેલ ૩ તાસ દરમ્યાન અધ્યાપક બનેલ ૧૮ વિદ્યાર્થીનીએ અધ્યાપન કાર્ય કરેલ. જે- તે વિષયની પસંદગી કરીને પૂર્વ તૈયારી સાથે આવેલ વિદ્યાર્થીનીઓની અધ્યાપક તરીકેની ભૂમિકા પ્રશંસનીય હતી. આ સાથે વ્યાયામ અધ્યાપક, લાઈબ્રેરીયન અને કારકૂનની ફરજ પણ વિદ્યાર્થીની બહેનોએ નિષ્ઠાપૂર્વક બજાવેલ. કૉલેજની વિદ્યાર્થીની દવે આસ્થા સુરેશચંદ્રએ આચાર્યાની ભૂમિકા ભજવેલ. ત્રણ તાસ બાદ વિદ્યાર્થીનીઓને બિરદાવવા માટે યોજેલ કાર્યક્રમમાં આચાર્ય ડૉ.આરતીબેન પટેલ તેમજ કોલેજના અધ્યાપકો ઉપરાંત શિક્ષકદિન નિમિત્તે આચાર્ય તેમજ અધ્યાપક બનેલ વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રતિભાવો આપેલ. કાર્યક્રમને અંતે આચાર્યએ સૌની કામગીરીને બિરદાવી પ્રોત્સાહન ઈનામ આપેલ.

# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુરના વિદ્યાર્થીઓએ સાયન્સ એક્ષપ્રેસ ટ્રેનની મુલાકાત લીધી

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સના ૩૨ વિદ્યાર્થીઓએ ડીસા રેલ્વે સ્ટેશન ઉપર આવેલા સાયન્સ એક્ષપ્રેસ ટ્રેનમાં ગોઠવેલ પ્રદર્શનનો લ્હાવો મળ્યો.

સાયન્સ એક્સપ્રેસ ૧૬ કોચની એ.સી.ટ્રેન અગાઉ દેશમાં આઠ વાર પ્રવાસ કરી ચુકી છે. નવમાં ચરણની આ ટ્રેન સાયન્સ એક્સપ્રેસ ક્લાઈમેટ એક્શન સ્પેશિયલ ના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.જેમાં કલાઈમેન્ટ ચેન્જના વૈશ્વિક પડકારોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.આ વૈજ્ઞાનિક સંસ્થાનો તેમજ ભારત સરકારના રેલ મંત્રાલયના અદ્વિતિય સહયોગનો ઉત્તમ પ્રયાસ છે. સાયન્સ એક્સપ્રેસ ટ્રેન વિઝીટનું આયોજન કોલેજનાં પ્રિન્સીપાલ ડો.યોગેશ બી. ડબગરના માર્ગદર્શન હેઠળ ડો.આર. જે.પાઠક, ડો.એમ.કે.પટેલ અને ડો.જી.ડી.આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

# નેસડા પ્રા.શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના નેસડા પ્રા.શાળામાં સી.આર.સી. કક્ષાનું ગણિત- વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં સુથાર નેસડી સેન્ટરમાંથી કુલ ૧૦ કૃતિઓ બાળકોએ રજુ કરી હતી.

તેમાં દરેક શાળાએ ભાગ લીધો હતો. સારી કૃતિ રજુ કરનાર શાળાને ઈનામ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુથાર નેસડી શાળાના આચાર્ય વસરામભાઈ, નેસડા શાળાના આચાર્ય રાણાભાઈ પટેલ તા.પ્રા. શિ.અધિકારી કાપડી, સી.આર.સી. અંબિકાબેન બી.બેંકરે હાજર રહીને કૃતિઓ રજુ કરનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.